Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૨૯૯
તા.૦૬-૧૨-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૫ કારતક વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૦ સૂર્યાસ્ત : ૦૫:૫૩

તાપમાન: ડીસા ૧૪.૮ | અમદાવાદ ૧૬.૭ | ગાંધીનગર ૧૬.૬ | વડોદરા ૧૭.૧ | સુરત ૧૯.૭ | નલિયા ૧૨.૦

ચાંદી : ૩૭,૮૦૦ સોનું : ૩૧,૮૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# રાજસ્થાન-તેલંગાણામાં પ્રચારના પડઘમ શાંત

## સાતમીએ મતદાન યોજાશે : રાજસ્થાનમાં ૨૨૭૪, તેલંગાણામાં ૧૮૨૧ ઉમેદવારો મેદાનમાં : રાજસ્થાનમાં ૪.૭૭ કરોડ અને તેલંગાણામાં ૨.૮૦ કરોડ મતદારો



જયપુર

રાજસ્થાન અને તેલંગાણા માં સાતમી ડિસેમ્બરના દિવસે યોજાનાર ચૂંટણીને લઈને આજે પ્રચારનો અંત આવ્યો હતો. હાઈવોલ્ટેજ ચૂંટણી ઉપર દેશની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મિઝોરમમાં ચૂંટણી માટે મતદાન થઈ ચુક્યું છે અને આ રાજ્યોમાં ઉંચુ મતદાન થયા બાદ ભારે સસ્પેન્સની સ્થિતિ છે. હવે રાજસ્થાનમાં સાતમી ડિસેમ્બરે મતદાન થશે. છેલ્લા થોડાક દિવસમાં રાજ્યમાં સેંકડો રેલીઓ યોજાઈ હતી અને રોડ શો યોજાયા હતા. ચૂંટણી મેદાનમાં ૨૨૭૪ ઉમેદવારો રહેલા છે જેમાં ૧૮૯ મહિલાઓનો સમાવેશ થાય છે. ૨૦૦ વિધાનસભા બેઠક પૈકી ૧૯૯ બેઠક માટે ૭મી મતદાન યોજાશે. હાલમાં અલવર જિલ્લાના રામગઢ મતવિસ્તારમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારના અવસાન ના કારણે ચૂંટણી મોકૂફ કરી દેવામાં આવી છે. આજે પ્રચારનો સાડા પાંચ વાગે અંત આવ્યો હતો. મતદાન સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી ચાલનાર છે. રાજસ્થાન માં મુખ્ય ચૂંટણી અધિકારી આનંદકુમારે કહ્યું છે કે, યોગ્ય સુરક્ષા વ્યવસ્થા રાજસ્થાનમાં ગોઠવી દેવામાં આવી છે. રાજ્યમાં ૪.૭૭ કરોડ નોંધાયેલા મતદારો છે. રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર હવે ચરમસીમા પર છે. આજે પ્રચારના છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોરદાર રીતે સક્રિય રહ્યા હતા. રાજસ્થાનમાં ૨૦૦ વિધાન સભાની ચૂંટણી પૈકી ૧૯૯ પર હવે સાતમી ડિસેમ્બરના દિવસે મતદાન થનાર છે. રાજસ્થાન અને તેલંગણામાં બુધવારના દિવસે મતદાન થનાર છે. બંને રાજ્યોમાં મતગણતરી ૧૧મી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્ય નાથે તમામ તાકાત લગાવી હતી. જ્યારે કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી, અશોક ગહેલોત અને સચિન પાઈલોટે તમામ તાકાત લગાવી દીધી હતી. રાહુલ ગાંધીએ આક્ષેપ કરતા કહ્યુ છે કે મુખ્યપ્રધાન રાજેને છેલ્લા પાંચ વર્ષમાં સામાન્ય લોકો માટે સમય જ મળ્યો નથી. રાહુલે કહ્યુ છે કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો રાજ્યમાં ફુડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ વિકસિત કરવામાં આવનાર છે. મોદીએ પ્રચારના છેલ્લા દિવસે આજે બે રેલી કરનાર છે.

## પેપર લીક કાંડમાં હજુય ૨૦ આરોપીની સંડોવણીની શંકા

### ચાર આરોપીઓ પાંચ દિવસના રિમાન્ડ પર

અમદાવાદ

ગુજરાત પોલીસમાં લોકરક્ષક દળની ભરતી માટેની પરીક્ષાનું પેપર લીક કૌભાંડમાં પોલીસે ગઈકાલે ધરપકડ કરેલા ચારેય આરોપીઓને આજે ગાંધીનગર કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરતાં કોર્ટે તમામ ચાર આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બીજીબાજુ, લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં પોલીસ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં અત્યારસુધીમાં કુલ ૧૨ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે અને હજુ વધુ ૨૦ આરોપીઓની સંડોવણીની આશંકા છે, જેઓના નામ આગામી દિવસોમાં ખુલે તેવી શકયતા છે. આ તમામ ડેવલપમેન્ટ વચ્ચે પોલીસ હજુ સુધી કેસના મુખ્ય સૂત્રધાર આરોપી યશપાલસિંહ સોલંકી(ઠાકોર)ને શોધી શકી નથી. આજે અરવલ્લીના બાયડના પરબડીના પ્રીતેશ નટવરલાલ પટેલ, મહેસાણા ના મેદવનો નરેન્દ્ર પૃથ્વીરાજ ચૌધરી, બનાસકાંઠાના વડગામનો અજયસિંહ મફત સિંહ પરમાર અને ઉત્તમસિંહ હરિસિંહ ભાટી એ ચાર આરોપીઓને ગાંધીનગર કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરી હતી, જેમાં સરકારપક્ષ તરફથી માંગ કરાઈ હતી કે, આરોપીઓને સાથે રાખી ગુ-જરાતથી દિલ્હી સુધીના રૂટમાં વિવિધ હોટલો સહિતના સ્થળોએ તપાસ કરવાની છે. ખાસ કરીને સીસીટીવી ફુટેજ સહિતના પુરાવા એકત્ર કરવાના છે. એટલું જ નહી, આ ગુનામાં સંડોવાયેલા દિલ્હીની ગેંગના અન્ય સભ્યો સહિતના અન્ય આરોપીઓની જાણકારી મેળવી આરોપીઓ પાસે તેઓની ઓળખ કરવાની છે. આરોપીઓને આન્સર શીટ કયાંથી મળી અને કોના મારફતે મળી તે જાણવાનું છે. આ સમગ્ર કૌભાંડમાં અન્ય કોણ કોણ આરોપીઓ સંડોવાયેલા છે અને કોની કોની મદદગારી સામેલ છે તે સહિતની વિગતો કઢાવવાની છે.

## લોકરક્ષક દળની નવી પરીક્ષા ૬ જાન્યુઆરીએ લેવાશે

### પેપર લીક ના થાય તેની ફુલપ્રુફ વ્યવસ્થા ગોઠવાશે

અમદાવાદ

લોકરક્ષક દળની પરીક્ષાના પેપર લીક કૌભાંડને પગલે રદ કરાયેલી પરીક્ષા હવે તા.૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ લેવાશે. જો કે, આ વખતે પેપર લીક ના થાય તે માટે ગુજરાત રાજ્ય લોકરક્ષક દળના તંત્ર, પોલીસ અને રાજ્ય સરકારની મદદથી જોરદાર ફુલ પ્રફુ વ્યવસ્થા ગોઠવવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. આજે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયના ડીજીપી અને ગુજરાત લોકરક્ષક દળ ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાય સહિતના ઉચ્ચ સરકારી પદાધિકારીઓ સાથે બેઠક યોજી નવી પરીક્ષામાં પેપર લીક ના થાય તે સહિતની બાબતે જરૂરી સૂચના અને મહત્વના નિર્દેશો આપ્યા હતા. લોકરક્ષક દળની પરીક્ષાની નવી તારીખ જાહેર થતાં હવે રાજયના પોણા નવ લાખ ઉમેદવારો ફરી એકવાર તૈયારીમાં જોતરાયા છે તો, બીજીબાજુ, પેપર લીક કૌભાંડમાં તપાસના આટાપાટા વચ્ચે તંત્ર પણ પરીક્ષાની તૈયારી અને આ વખતે કોઈ લીક ના થાય તે માટેની ફુલ પ્રુફ વ્યવસ્થાના આયોજનમાં લાગ્યું છે. લોકરક્ષક દળની પરીક્ષાના પેપર લીક કૌભાંડમાં પરીક્ષા રદ કરવામાં આવી તેનું પેપર ગુજરાત બહાર માત્ર એક સેટમાં જ છપાયેલું હતું. આ લીક થયેલું પેપર ગુજરાતમાં નહી પરંતુ, ગુજરાત બહાર અન્ય કોઈ રાજ્યમાં છાપવામાં આવ્યું હતું એ મતલબની સ્પષ્ટતા અગાઉ લોકરક્ષક ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાયે કરી હતી. વિકાસ સહાયે પેપર લીક થવાના પગલે એલઆરડી પરીક્ષા રદ કરવાને લઈ રાજયભરના લાખો ઉમેદવારો પરત્વે ભારે દુઃખ અને સંવેદનાની લાગણી પ્રગટ કરી હતી.

## સતત ૧૩ દિવસના કાપ બાદ તેલ કિંમતો યથાવત

નવી દિલ્હી

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત ૧૩ દિવસ સુધી ઘટાડો કરવામાં આવ્યા બાદ આજે બુધવારે તેલ કિંમતો યથાવત રાખવામાં આવી હતી. જો કે છેલ્લા કેટલાક દિવસથી અવિરત ઘટાડાના કારણે મોટી રાહત મળી છે. છેલ્લા એક મહિનામાં દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૬.૫૪ રૂપિયા અને ડીઝલની કિંમતમાં ૬.૪૩થી વધુનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. સતત ઘટાડાના કારણે એકબાજુ ડીઝલની કિંમત હવે ત્રણ મહિનાની નીચી સપાટી પર પહોંચી છે.

## ગુજરાતમાં પાંચ વર્ષમાં ૧૦ લાખ યુવાનોને રોજગારી મળી : ઊર્જા મંત્રી

### રોજગારી આપવામાં ગુજરાત દેશભરમાં સૌથી અગ્રણી રાજ્ય છે

અમદાવાદ

રાજ્યના ઊર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વની રાજ્ય સરકારે મહેનતુ વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં લઈને લોક રક્ષકની ભરતી પરીક્ષા રદ કરી ભ્રષ્ટાચારીઓના બદઈરાદાને ખુલ્લા પાડ્યા છે. ઊર્જા મંત્રી સૌરભ પટેલે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં રાજ્ય સરકારના આ નિર્ણયને વધાવવામાં આવ્યો હતો. તેમણે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં આ સંદર્ભે લેવાયેલા નિર્ણયો અંગે જણાવ્યું હતું કે, આ પરીક્ષાના પેપરને ફોડવામાં રાષ્ટ્રીય સ્તરે ગેંગ સક્રીય હોવાનું પ્રાથિમક તારણ મળ્યું છે અને રાજ્ય સરકાર કોઈને પણ છોડવામાં માનતી નથી. આવા ગુનેગારો કોઈપણ પક્ષના હશે રાજ્ય સરકાર કોઈને પણ છોડશે નહીં. રાજ્ય સરકારે આગામી ૩૦ દિવસમાં આ પરીક્ષા પુનઃ લેવાનો નિર્ણય કર્યો છે એટલું જ નહીં પરંતુ વિદ્યાર્થીઓને પરીક્ષા સ્થળે આવવા-જવાનું ભાડું આપવાનો નિર્ણય પણ મુખ્યમંત્રીએ લીધો છે. યુવાનોના હિતમાં લોક રક્ષકની પરીક્ષા રદ કરવાના રાજ્ય સરકારના નિર્ણયનો વિરોધ કરીને કોંગ્રેસ શું સાબિત કરવા માંગે છે એવો વેધક સવાલ ઉઠાવીને ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઈ મુખ્યમંત્રીએ લીધેલા નિર્ણયને વધાવવો જોઈએ ત્યારે આ નિર્ણયનો વિરોધ કરીને કોંગ્રેસ કોને બચાવવા જઈ રહી છે તે ગુજરાતની સુજ્ઞ પ્રજા બરાબર જાણે જ છે.

## મોનિટરી પોલિસીમાં રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત રખાયા

મુંબઈ

રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. ધારણા પ્રમાણે જ ચાવીરુપ રેપોરેટ ૬.૫ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરાયો હતો. સતત બીજી વખત વ્યાજદર સાથે કોઈ ચેડા કરવામાં આવ્યા નથી. રિવર્સ રેપોરેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે. સીપીઆઈ ફુગાવા અને અન્ય બાબતોને ધ્યાનમાં લઈને આરબીઆઈ દ્વારા વ્યાજદરના સંદર્ભમાં નિર્ણય લેવામાં આવે છે. જો કે, આ યોજાયેલી બેઠકમાં એસએલઆરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો.તેમાં દર ત્રિમાસિક ગાળામાં ૨૫ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરાશે. જીડીપી ગ્રોથનો અંદાજ પણ ૭.૪ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે જ્યારે ૨૦૧૯-૨૦માં પ્રથમ છ મહિનાના ગાળા દરમિયાન જીડીપી ગ્રોથ ૭.૫ ટકા રાખવામાં આવ્યો છે.

## કોંગી શાસનમાં તમે લૂંટો અમેય લૂંટીએની જ રમતો ચાલતી હતી

### ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે મોદી રાજસ્થાનમાં વધુ આક્રમક બન્યા

સુમેરપુર

રાજસ્થાનમાં વિધાન સભાની ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે વડાપ્રધાન મોદીએ આજે કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. નેશનલ હેરાલ્ડ અને ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડને લઈને કોંગ્રેસ ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ૨૦૧૪માં તેમની સભાઓમાં કેટલીક વાતો સાંભળી હશે. તે વખતે તેઓએ કહ્યું હતું કે, હેલિકોપ્ટર કાંડ થયેલું છે.

હજારો કરોડનું કૌભાંડ થયું હતું. દેશમાં વીઆઈપી હેલિકોપ્ટર અને એ પત્ર અંગે તો લોકોને યાદ હશે. મેડમ સોનિયા ગાંધીના એ પત્રની પણ તમામને માહિતી હશે. તમામ ફાઈલો અને કાગળો જુદી જુદી જગ્યાઓએ સંતાડી દેવામાં આવ્યા હતા પરંતુ સરકારમાં આવ્યા બાદ અમે સતત કાગળો શોધતા રહ્યા હતા. આખરે એક સફળતા હાથ લાગી હતી. દલાલીનું કામ કરનાર લોકો પૈકી એકને સકંજામાં લઈ લેવામાં આવ્યો છે. ક્રિશ્ચિયન મિશેલ નામના શખ્સને પકડી પાડવામાં આવ્યો છે. ભારતના નામદારોના મિત્રોને આ વ્યક્તિ કટકી આપતો હતો. તેમનું ધ્યાન રાખતો હતો. ફરાર હતો.

## જીવતા પશુઓની નિકાસ અટકાવવા સરકાર પ્રતિબધ્ધઃ સીએમ રૂપાણી

રાજકોટ

પ્રમુખસ્વામી મહારાજની ૯૮મી જન્મજયંતી મહોત્સવનો પ્રારંભ થયો છે. ૧૧ દિવસ સુધી યોજાનારા આ મહોત્સવમાં ૨૨ લાખ લોકો મુલાકાત લેવાનો અંદાજ છે. સવારે વિજય રૂપાણીએ સ્વામી નારાયણ નગરને ખુલ્લું મુકી જણાવ્યું હતું કે, પ્રમુખસ્વામી મહારાજનો રાજકોટ સાથે અતૂટ સંબંધ રહ્યો હતો. ૨૨ દેશના હરિભક્તો સહિત હજારોની સંખ્યામાં લોકો ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ૫૦૦ એકર જમીનમાં સ્વામિનારાયણ વગરને ઉભું કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં રોજ ૨૨ હજાર સ્વયંસેવકો અને ૭૦૦ સંતો સેવા આપી રહ્યા છે. મહંત સ્વામીની સાથે રૂપાણીએ બેટરીવાળી કારમાં બેસી સ્વામિનારાયણનગર નિહાળ્યું હતું. વિજય રૂપાણીએ ઉદઘાટન પ્રસંગે વધુમાં જણાવ્યું હતું કે, એક રાજકોટવાસી તરીકે આનંદ અનુભવું છું. રાજકોટમાં આ પ્રકારનો મહોત્સવ યોજવો એક આનંદની વાત છે.

## ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા સાત માર્ચથી શરૂ થશે

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૯માં લેવાનારી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનો કાર્યક્રમ આજે બોર્ડ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે. બોર્ડની પરીક્ષાઓ તા.૭મી માર્ચથી શરૂ થશે અને તા.૨૩મી માર્ચના રોજ પૂર્ણ થશે. માર્ચ-૨૦૧૮ની પરીક્ષા તા.૧૨ માર્ચથી શરૂ થઈ હતી. એટલે કે, આ વખતે બોર્ડની પરીક્ષા પાંચ દિવસ વહેલા શરૂ થવાની છે. બોર્ડની પરીક્ષા માટે અત્યારસુધીમાં કુલ મળી, ૧૭ લાખ વિદ્યાર્થીઓ નોંધાઈ ચૂકયા છે અને હજુ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની નોંધણીની કાર્યવાહી ચાલુ હોઈ આ આંકડો વધશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ગઈ વખતે ધોરણ-૧૨ સાયન્સમાં પ્રથમ વખત સેમેસ્ટર સીસ્ટમ વગર બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવનાર છે, તે નોંધનીય હતું. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૯ માં લેવાનારી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનો સત્તાવાર કાર્યક્રમ વિદ્યાર્થીઓ અને વાલીઓના આગોતરા આયોજનને ધ્યાનમાં રાખી આજરોજ જાહેર કરવામાં આવ્યો હતો. ગત વર્ષે સૌપ્રથમવાર ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા સેમેસ્ટર સીસ્ટમ વિના યોજાઈ હતી. ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા તા.૭મી માર્ચથી શરૂ થશે અને તા.૨૩મી માર્ચ,૨૦૧૯ના રોજ પૂર્ણ થશે. સાયન્સની પરીક્ષા દરમ્યાન મહત્વના પેપરો વચ્ચે એક દિવસ રજા આપવાની પરંપરા બોર્ડ દ્વારા આ વખતે પણ જાળવી રાખવામાં આવી છે. સાયન્સમાં પ્રથમ વિજ્ઞાનના ત્રણ વિષયની પરીક્ષા લેવાશે અને છેલ્લુ પેપર અંગ્રેજી(પ્રથમ અને દ્વિતીય ભાષા)નું રાખવામાં આવ્યું છે. આ જ પ્રકારે ધોરણ-૧૦ની પરીક્ષા પણ તા.૭મી માર્ચથી શરૂ થશે અને તા.૧૯મી માર્ચના રોજ પૂર્ણ થશે.

## વિચાર વૈભવ...

'તમે રોજ કોલેજમાં મોડા આવો એ કેમ ચાલે?' પ્રિન્સિપાલે પ્રોફેસરને કહ્યું.'

'કારણ છે'

'શું? '

'મેં લગ્ન નથી કર્યા એટલે મારૂં કામ મારે જાતે કરવું પડે છે'

'તો લગ્ન કરી લો ને?'

એ વાત પ્રોફેસરે સ્વીકારી તો લીધી પણ કોલેજમાં મોડા આવવાનું પૂર્વવત્ ચાલુ જ રહ્યું.

'તમે લગ્ન કરી લીધા તો ય મોડા જ આવો છો?'

'હા'

'કારણ શું છે?'

'પહેલાં મારા એકલાનું કામ કરવું પડતું હતું. હવે પત્નીનું કામ પણ મારે જ કરવું પડે છે' પ્રોફેસરે જવાબ આપ્યો.

*****

સંસારમાં દુઃખ એ કોઈ નિશ્ચિત રેખા નથી પણ વર્તુળ છે. રેખા ભલે ને ગમે તેટલી લાંબી હોય, એનો ક્યાંક તો અંત આવે જ, પણ વર્તુળ? એ ભલે ને સાવ નાનું છે, ક્યાંય પૂરૂં થતું નથી. સંસારમાં તમે જેને દુઃખનું સમાધાન માનો છો એ જ દુઃખ માટે સમસ્યા બની જાય એવી પૂરી સંભાવના છે આનો કોઈ ઈલાજ? એક જ છે. વર્તુળની બહાર થઈ જાઓ. દુઃખ એ જ પળે સમાપ્ત થઈ જશે.

- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## સાર સમાચાર...

### હું બેંકોની મૂળ રકમ પરત કરવા તૈયાર, પણ વ્યાજ નહીં આપુઃ માલ્યા

ન્યુ દિલ્હી

બેંકોનું કરોડોનું ફૂલેકું ફેરવી વિદેશ ભાગી જનાર વિજય માલ્યા બેંકોનું દેવું ચૂકવવા માટે તૈયાર થયા છે. વિજય માલ્યાએ આજે સવારે ટ્વીટ કરીને કહ્યું છે તેઓ ભારતીય બેંકોનું તમામ દેવું ચૂકવવા તૈયાર છે, પરંતુ એક શરત કે તેઓ વ્યાજ આપી શકશે નહીં. વિજય માલ્યાએ એક સાથે ત્રણ ટ્વિટ કરી છે અને તેમણે બેંકોને ૧૦૦ ટકા નાણાં પરત કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. સાથો સાથ તેમણે કહ્યું કે તેમની સાથે ભારતીય મીડિયા અને રાજનેતાઓએ પક્ષપાત કર્યો છે. આપને જણાવી દઈએ કે માલ્યા પર અંદાજે ૯૦૦૦ કરોડ રૂપિયાનું બેંકોનું દેવું છે. માલ્યાના ભારત પ્રત્યર્પણ પર યુકે કોર્ટ ૧૦ ડિસેમ્બરે ચુકાદો આપે તેવી શક્યતા છે.

## ગતકડું....

- દેવન વ્યાસ



હું ભયમુક્ત જીવન જીવવા માગું છું, તું વાતવાતમાં વેલણ ન બતાવ !

સૂર્યોદય - ૭.૧૦ સૂર્યાસ્ત - ૫.૫૩

## તિથિદર્શન

કારતક વદ-૧૪ ગુરૂવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૦, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૫ કારતક વદ :ચૌદસ ગુરૂવાર નક્ષત્ર:અનુરાધા રાત્રે ૨૮.૩૬ પછી જયેષ્ઠા યોગ :સુકર્મા કરણ: ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### ગુણવાનપિ નોપયાતિ પૂજાં પુરુષઃ સત્પુરુષ ખૈર કથ્યમાનઃ ન હિ સૌરમણિ:સ્વાભાવ કાંતિ રવિપાદૈરનધિષ્ઠિતઃ કરોતિ

ભલે ગુણવાન- વિદ્વાન- પંડિત- સાહિત્યકાર હોય, પણ જ્યાં સુધી સત્પુરુષો વડે તેનું અનુમોદન - પ્રશંસા કરવામા ન આવે ત્યાં સુધી તે સત્કાર- સન્માનને પ્રાપ્ત થતો નથી, જેમ સૂર્યકાન્ત મણિ કે દર્પણ પર જ્યાં સુધી સૂર્યનાં કિરણ પડતાં નથી ત્યાં સુધી તે પોતાની સ્વાભાવિક કાન્તિને પ્રગટ કરી શકતો નથી.'

એક કહેવત છે, વાડ વિના વેલો ચઢે નહીં, પરિવારની ઓથ વિના બાળકનો ગ્રોથ સંભવિત નથી. આજના જમાનામાં પ્રચાર, ઢોલ પીટવા- માન- સન્માન - એવોર્ડ મેળવવાની ગોઠવણો બધાં ક્ષેત્રમાં એક 'વ્યાપારી ધોરણે' પ્રસાર - પ્રચાર પામી ગયાં છે. અનિષ્ટ છે. બાયોડેટામાં આવા એવોર્ડ- માન- સન્માનના ચાંદ- અકરામથી ગમે તેવા ના- લાયક પણ ઊંચી જગ્યા પર બેસી જાય છે અને આવડત વિના પદ- સ્થાન- માનની પ્રાપ્તિ કરી લે છે.

અરીસા પર સૂર્યનું કિરણ પડે ત્યારે જ એના પ્રકાશના પરિવર્તનથી અરીસો નોંધનીય બને છે, નહીં તો એના પર કોઈનું ધ્યાન જતું નથી. પ્રધાનો- વડાપ્રધાનો- મુખ્યપ્રધાનો પોતાની કવિતાઓ, આત્મકથા છપાવી- જાતે પ્રકાશિત થાય છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.**

**વૃષભ : (બ.વ.ઉ.) ગૃહસ્થજીવનમાં મતભેદ થાય. મનમાં મૂંઝવણ રહે.**

**મિથુન : (ક.છ.ઘ.) મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. ક્રોધ પર કાબુ રાખવો.**

**કર્ક : (ડ.હ.) મનની મુરાદ પૂરી થાય. નવિન લાભની તક સાંપડે.**

**સિંહ : (મ.ટ.) હાથમાં આવેલી તક સરી જાય. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા.**

**કન્યા : (પ.ઠ.ણ.) મનમાં ખિન્નતા રહે. ગુપ્ત ચિંતા રહે.**

**તુલા : (ર.ત.) આર્થિક સમસ્યા તીવ્ર બને. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.**

**વૃશ્ચિક : (ન.ય.) આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે. બેચેની અનુભવાય.**

**ધન : (ભ.ફ.ધ.) આરોગ્ય અંગે સાવધાની જરૂરી બને. ગૃહવિવાદના ભોગ બનવું પડે.**

**મકર : (ખ.જ.) યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજ હળવો બને.**

**કુંભ : (ગ.શ.સ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. અણધારી લાભની તક સરી જાય.**

**મીન : (દ.ચ.જ.થ.) પ્રવાસ-મુસાફરીમાં લાભ થાય. આકસ્મીક ધનલાભ થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ફ્રાન્સના અગ્રણી સાહિત્યકાર એલેકઝાન્ડર ડુમાની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ફ્રાન્સમાં ૨૪ જુલાઈ ૧૮૦૨ ના રોજ થયો હતો.

ઐતિહાસિક નવલકથાઓ અને નાટકોના આ મહાન સર્જકે ૩૦૦ થી વધુ ઐતિહાસિક કથાઓનું સર્જન કર્યું છે. તેમનું ૧૮૨૯ માં 'હેન્રી થર્ડ એન્ડ હીઝ કોર્ટ' પ્રગટ થયું કે તરત જ તેમની ખ્યાતિ ચોમેર પ્રસરી ગઈ. એ પછી એમણે વીસ નાટકો લખ્યા. તેમને નામના અપાવી તેમના ખ્યાતનામ નાટક 'ધી થ્રી મસ્કેટિયર્સ' અને ' ધી કાઉન્ટ ઓફ મોન્ટેક્રિસ્ટો' નવલકથાએ.

આ મહાન નાટયકાર અને નવલકથાકારનું તા.૫-૧૨-૧૮૭૦ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૦૬.૧૨.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૮૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૫.૧૨.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૩૩ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૮૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૮૬૦ પોઈન્ટ થી ૧૦૮૭૮ પોઈન્ટ, ૧૦૮૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૮૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૦૫.૧૨.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૬૪૭ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૫૭૫ પોઈન્ટના પ્રથમ અને ૨૬૫૦૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૬૬૭૬ પોઈન્ટ થી ૨૬૭૦૭ પોઈન્ટ, ૨૬૭૧૭ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૭૧૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC બેન્ક (૨૧૧૨) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૦૯૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૦૮૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૧૨૭ થી રૂ.૨૧૪૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૧૪૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**તાતા એલેક્સી (૧૦૫૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૩૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૦૧૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૬૩ થી રૂ.૧૦૭૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**એકસિસ બેન્ક (૬૧૭) :- રૂ.૬૦૩ નો પ્રથમ તેમજ રૂ.૫૮૮ ના બીજા સપોટ-'થી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૩૩ થી રૂ.૬૪૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**સન ફાર્મા (૪૨૦) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૪૩૩ થી રૂ.૪૪૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૪૦૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**જેટ એરવેઝ (૨૮૩) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૬૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક એરલાઇન્સ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૯૦ થી રૂ.૨૯૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**લાર્સેન લિમિટેડ (૧૪૦૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ કન્સ્ટ્રકશન સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૪૨૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૯૩ થી રૂ.૧૩૮૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૪૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૧૬૪) :- રૂ.૧૧૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૮૮ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૫૨ થી રૂ.૧૦૪૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**તાતા કેમિકલ (૬૬૮) : કોમોડિટી કેમિકલ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૮૯ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૫૬ થી રૂ.૬૫૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**સિપ્લા લિમિટેડ (૫૩૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૧૯ થી રૂ.૫૧૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૫૫૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**વિપ્રો લિમિટેડ (૩૩૭) :- રૂ.૩૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૬૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૨૬ થી રૂ.૩૨૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૬૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## ડીસાથી ગેલોત પરિવારના બાનેશ્વરી માતાના સંઘે રાજસ્થાનના ચિતોડ જવા માટે પ્રસ્થાન કર્યું



ભરત સુંદેશા

ડીસા

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં વસતા ગેલોત પરિવારની પરિવાર ના કુળદેવી નું ધામ રાજસ્થાન ચિતોડ ગઢ માં આવેલું છે. જેથી બુધવારે ડીસા દિપક હોટલ પાસેથી માળી સમાજના લોકોએ રાજસ્થાનના ચિતોડગઢ ખાતે આવેલ મા બાણેશ્વરના ધામમાં પગપાળા જવા માટે પ્રસ્થાન કર્યું હતું વાજતે-ગાજતે નીકળેલા આ સંઘમાં સાડા ત્રણસોથી વધુ ભાઇ-બહેનો જોડાયા હતા આ પગપાળા સંઘમાં જોડાયેલા યાત્રિકો માટે રસ્તામાં ચા-નાસ્તો ભોજન આરામ ની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે અને આ યાત્રિકોમાં બાણેશ્વરીના ધામમાં પહોંચી પૂજા અર્ચના દર્શન કરી ધન્યતા અનુભવશે આ સંઘમાં લાઇવ ડીજે વરઘોડામાં માતાજી ના નામ સાથે ભાવિ ભક્તો જુમી ઉઠ્યા હતા જેમાં ગેલોત પરિવારના મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા આજે વહેલી સવારે નીકળેલો આ સંગ દસ દિવસે રાજસ્થાનના ચિતોડગઢમાં પહોંચશે.

## લુણપુરમાં ગુરૂ મૂર્તિ પ્રતીષ્ઠા અનાવરણ વિધિ ઉજવાશે

ડીસા

ડીસા તાલુકાની ધર્મ નગરી લુણપુર ગામે માગસર સુદ-ર અને ૩ના રોજ ૫.પૂજનીય સંત શ્રી ધુડનાથ બાપુ અને નરભેનાથજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા અનાવરણ વિધિ સંતો-મહંતોની છત્રછાયામાં ઉજવાનાર છે.'

ગામના સંત અને વિખ્યાત ભજનીક રામનાથ બાપુ (સિવિલ એન્જીનિયર) તથા બાપુના શિષ્યગણ અને ગ્રામજનોના સંયુક્ત ઉપક્રમ આયોજીત આ ધાર્મિક કાર્યક્રમના પ્રથમ દિવસે તા.૯/૧૨/૧૮ ને રવિવારે સવારે દિપ પ્રાગટ્ય, પ્રાયશ્ચિત, મંડપ પ્રવેશ, પૂજન, અગ્નિ સ્થાપના, જળ યાત્રા, મૂર્તિ વિધાન (ગ્રહ હોમ અને આરતી બાદ રાત્રે ૯ ક.ભવ્ય સંતવાણી યોજાશે. બીજા દિવસે તા.૧૦/૧૨/૧૮ ને સોમવારે પ્રાંત:પૂજન, શોભાયત્રા, બપોરે ૧૨-૩૯ ક.પ્રતિષ્ઠા, ભોજન પ્રસાદ, પુર્ણાહુતિ, આરતી યોજાશે. બંને દિવસ અનેક સંતો-મહંતો સાથે ખ્યાતનામ કલાકાર વૃંદ પણ ઉપસ્થિ રહી પ્રસંગની શોભા વધારશે.

## શ્રી જલારામ યુવા સંગઠન ડીસા દ્વારા વિવિધ સેવાકીય સંસ્થાઓનું સન્માન કરાયું



ડીસા

શ્રી જલારામ ડીસા ખાતે ભોજન પ્રસાદ-આરોગ્ય તેમજ ભુખ્યાને ભોજન-કપડાં-તથા શૈક્ષણિક અને એના કાર્યો થાય છે. જેની સુવાસ ગુજરાત નહિ પણ ભારતભરમાં વિરપુર જલારામ બાપાનું ધામ અજેય છે. એજ રીતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી જલારામ જયંતિની ઉજવણી શ્રી જલારામ સેવા ટ્રસ્ટ ડીસા દ્વારા તથા શ્રી જલારામ યુવા સંગઠન ડીસા ખૂબ જ આનંદ ઉલ્લાસ અને વિવધ આયોજન સાથે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે વિવિધ સેવાકીય સંગઠન પરિવાર મિત્રો દ્વારા જે સેવાઓ આપી તેઓનું જલારામ મંદિર ડીસા ખાતે ભોજન પ્રસાદ સાથે સુંદર મિટીંગનું આયોજન કરી દરેકનો આ સુંદર કાર્યમાં સહભાગી

**અનુસંધાન પાના નં.૬**

## પાલનપુર ખાતે દશનામ ગોસ્વામી સમાજની બેઠક યોજાઈ

તા.પ્રતિ. વડગામ

દશનામ ગોસ્વામી સમાજના તમામ વડીલો, અગ્રણીઓ અને ભાઈઓનુ સંગઠન મજબૂત કરી બિન રાજકીય રીતે ફક્ત સમાજના સર્વાંગિ વિકાસ કરવા ગતરોજ પાલનપુર ખાતે બેઠક યોજાઈ હતી, જેમાં આગામી કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લામાં વિવિધ વિભાગમાં ધંધા રોજગાર કરતા ઉદ્યોગતપતીઓ, વેપારીઓ, અધિકારઓ કર્મચારીઓ, સામાજિક કાર્યકરો નો ભાવદર્શન કાર્યક્રમ યોજવા ઠરાવ કરવામાં આવ્યો. બેઠકના શુભારંભમાં સ્વાગત પ્રવચન પરેશપુરી કે. ગોસ્વામીએ કર્યું હતું, રાકેશપુરી જી.ગોસ્વામીએ ગત બેઠકનો અહેવાલ વાચી સંભળાવ્યો હતો, ઉપરોક્ત તમામ યુવા અગ્રણીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ભાસ્કર પુરી ગોસ્વામીએ આભાર વિધિ કરી હતી.

## ધાનેરાની એચડીએફસી બેન્ક ખાતે રક્તદાન શીબર યોજાઈ



એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

એચડીએફસી બેન્કની ધાનેરા શાખા દ્વારા રક્તદાન શીબરનું સુંદર આયોજન કરી ૭૧ બોટલ રક્ત એકત્રિત કરાયું હતું. ધાનેરા શહેરમાં બ્લડ બેન્કના અભાવે રક્ત માટે ભારે મુશ્કેલી ભોગવવી પડતી હતી.જો કે હવે જાહેર સંસ્થાઓ તેમજ સેવાકીય લોકોની જાગૃતિના કારણે રક્તદાતાઓ રક્તદાન માટે આગળ આવી રક્તનું દાન કરી અનેક લોકોનું જીવન બચાવી રહ્યા છે.ત્યારે ધાનેરા ખાતે આવેલી એચડીએફસી બૅન્ક પણ છેલ્લા ૩૦ વર્ષથી રક્તદાન શીબિરો યોજી લોકોમાં રક્તદાન માટે જાગૃત લાવવાનું ઉમદા કાર્ય કરી રહી છે.આજે બેન્કની ધાનેરા શાખામાં પણ સફળ રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું.આ શિબિરમાં બેન્કના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ ગ્રાહકોએ ઉત્સાહભેર રક્તદાન કરતાં કુલ ૭૧ બોટલ રક્ત એકત્રિત કરાયુ હતું. જરૂરીયાતમંદ વ્યક્તિઓની મદદ માટે આજે એક સાથે એચડીએફસી બેન્કની ભારતભરની ૭૦૦૦ હજાર શાખાઓ દ્વારા રક્તદાન શીબિરો યોજાઈ હતી.

## થરા જલારામ મંદીરમાં ચાલતી ટીફીન સેવામાં મિઠાઈનું વિતરણ

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરામાં ટૂંક સમયમાં નવનિર્માણ પામનાર શ્રી જલારામ મંદિરે અનેક સેવાકીય પ્રવ્રુતિ ચાલે છે. દર પૂનમે ખીચડી - કઢીનો પ્રસાદ દાતાઓ દ્વારા આપવામાં આવે છે.

માગશરસુદ પૂનમના ખીચડી કઢીના દાતા વર્ધીભાઈ સોની ચાંગા વાળા તરફ થી રાખવામાં આવેલ છે. ટિફિન સેવાનો પ્રવાહ અવિરત પણ ચાલું છે.ગઈ કાલે દવે જગદિશભાઈ સોનારામભાઇ પરીવાર તરફથી દિવ્ય ભાસ્કર એજન્ટ થરા (ઢૂવા તા.થરાદ )ના પિતાજીની ૧૮ પુણ્યતિથિ નિમિતે પરમ પૂજ્ય જલારામબાપાના મંદિરેથી મીઠાઈનું વિતરણ કરી મીઠાઈ સ્વ.હસ્તે ટિફિનમાં મૂકી અનોખી રીતે સેવાનો લાભ લીધો હતો.

આ સેવાનો લાભ. જીગરભાઈ આર. ઠક્કરનો પણ ગઈ કાલે જન્મ દિવસ હોઈ ચાલીસ વર્ષ પૂર્ણ કરી એક્તાલીસમાં વર્ષના જન્મ દિવસ નિમિતે તેઓએ પણ ટિફિન સેવામાં મીઠાઈ મૂકી અનેરો ઉત્સાહ મનાવેલ.આ પ્રસંગે નિરંજનભાઈ એ.ઠક્કર, પરેશભાઈ ઠક્કર જલિયાણ મોબઈલ, વિજયભાઈ ઠક્કર ટેસ્ટી,અમરતભાઈ દરજી, મિતુલભાઈ ઠક્કર, જીગરભાઈ ઠક્કર વગેરે હાજર રહેલ.

## દુ:ખ દોષથી મુક્ત થવા ધર્મનું શરણું રામબાણ ઉપાય છે રાજરક્ષિત વિ.મ.સા.

મુંબઈ

યુગપ્રધાન-આચાર્યસમ પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજીના શિષ્ય પં.રાજરક્ષિત વિજયજી આદિ શ્રી ગોકુલનગર નજરાના જૈન સંઘ, ભિવંડીથી પદયાત્રા કરીને પડઘા ગામ પધારેલ હતાં. તા.૬ ડિસે જૈનાચાર્ય અભયશેખરસૂરિજી અદિ અર્ધશતાધિક શ્રમણ-શ્રમણી સાથે શાહપુર-માનસ મંદિર તીર્થમાં મંગલ પ્રવેશ કરશે. તા.૯ ડિસે. રવિવારે મહામંગલકારી ઉપધાનતપમાં ૫૦૦૦ થી વધુ ભાઈ-બહેનો જોડાશે. ૪૭ દિવસ સુધી સાધુની જેમ વિરતિ મય જીવન દ્વારા વિશિષ્ટ આરાધના કરશે.

પૂજ્યશ્રીએ જણાવ્યું કે, કર્મોના બે પ્રકારના હુમલા છે. સુખી ઉપર ત્રાટકે તો દુ:ખી બનાવી દે. આજનો કરોડપતિ કાલનો રોડપતિ બની જાય, આજનો નિરોગી કાલે રોગી બનીને તડપતો હોય. ધર્મી ઉપર ત્રાટકે તો પાપી બનાવી દે. કનૈયાને કંસ બનાવનાર મોહનીય કર્મ છે. નિર્મળ બુદ્ધિને મલીન બનાવનાર કર્મથી સાવચેત રહેવા જેવું છે.

જે વ્યક્તિ સાચા આચાર-વિચાર અને ઉચ્ચાર રાખે તે પુણ્યકર્મ બાંધે છે જેનાથી સુખની પ્રાપ્તિ થાય છે. ખરાબ આચાર-વિચાર ઉચ્ચારથી પાપ કર્મનો બંધ થાય છે. જેનાથી દુ:ખોના વાવાઝોડા આવે છે. કર્મના નાશ કરવા માટે ધર્મનું શરણું લેવું જોઈએ. થોડો પણ શુદ્ધ ધર્મ મોટા સંકટો-આપત્તિઓથી રક્ષણ કરે છે. દુ:ખ અને દોષથી મુક્ત થવા માટે ધર્મનું શરણું રામબાણ ઉપાય છે. થોડા સર્ફ કપડા ચમકદાર થોડા ધર્મ આત્મા ઝમકદાર."

## નોકરી આપવાના સરકારના પ્રયાસની કોંગ્રેસ દ્વારા નિંદા

અમદાવાદ

ભાજપ પ્રદેશ પ્રવક્તાએ વિપક્ષનાનેતા પરેશ ધાનાણીએ રોજગારી અંગે કરેલાં નિવેદન સામે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું, કે કોંગ્રેસ હમેશાં ઉશ્કેરાટ અને ભડકાવવાની વાત કરીને પોતાનાં રાજકીય રોટલા શેકવાની પ્રવૃતિ કરી રહી છે. કેન્દ્રમાં કોંગ્રેસનાં શાસન વખતે પણ ગુજરાત રોજગારીમાં પ્રથમ નંબરે રહ્યું હતું. અને આજે પણ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની આગેવાનીમાં ભાજપ સરકારમાં ગુજરાત રોજગારીમાં પ્રથમ નંબરે છે. તે હકીકત છે. કોંગ્રેસના જૂઠ્ઠા આક્ષેપોનો જવાબ આપતાં ભરત પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં કયારેય નિયમિત રીતે ભરતી યોજાતી ન હતી. જે નોકરીમાં નિમણુંક કરવામાં આવતી હતી તે પારદર્શક ન હતી. જેનાથી લાખો હોંશીયાર યુવાનોને અન્યાય થતો હતો.

## સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ડીસામાં ૨૯ માં વાર્ષિક રમતોત્સવની ઉજવણી



ડીસા

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ડીસામાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવા ઉમદા હેતુથી મુખ્ય મહેમાન વિપુલભાઈ આલની ઉપસ્થિતિમાં શાળામાં ૨૯ માં વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળાના પટાંગણમાં કે.જી.વિભાગના ભૂલકાઓ તેમજ ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ૧૦૦, ૨૦૦, ૪૦૦ મીટર દોડ, લાંબી કૂદ તેમજ અન્ય રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રમતોત્સવના અંતે વિજેતા બાળકોને મુખ્ય મહેમાન અને આચાર્ય ફા. જોન દ્વારા ઈનામ અને પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના વ્યાયામ શિક્ષકો, એન.સી.સી અને એન.એસ.એસ યુનિટ તેમજ અન્ય શિક્ષકોનો બહુમૂલ્ય ફાળો રહ્યો.

## ગુજરાતના મુખ્યમંત્રીના હસ્તે યુઝડકુકીંગ ઓઈલ માટે ની એપ્લિકેશન રુકો (RUCO) રજુ કરાઈ

અમદાવાદ

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી ના હસ્તે કાંકરિયા ખાતે વપરાયેલ રાંધણતેલ (RUCO) માટેનીએપ્લિકેશન લોન્ચ કરવામાંઆવીજેને પ્રથમ દિવસેજ ખુબજ સારો પ્રતિસાદ મળ્યોઅને પ્રથમ દિવસેજઆએપ્લિકેશન થકી ૪૭,૧૨૬ લીટરયૂજડકુકીંગ ઓઈલ પીકઅપ ની રિકવેસ્ટઆવી છે અને પ્રથમ યુકો લોડટ્રકને સાયકલ પૂર્ણકરવા માટેબાયોડિઝલ ફેક્ટરીમાં ખસેડવામાંઆવ્યોહતો. લોન્ચ થયાના થોડા જ સમયમાં, રાજકોટ, વલસાડ, અમદાવાદ, બરોડા, નડિયાદઅનેઅન્યશહેરોતરફથીએક પ્રોત્સાહક પ્રતિભાવ આવ્યો કારણકે ખાદ્ય કંપનીઓએયુકો માં પીકઅપ રિકવેસ્ટ નાંખવાનું શરુ કર્યુંહતું.મુખ્યમંત્રીએ બાયોડિઝલ એસોસિએશન ઓફઈન્ડિયા (બીડીએઆઇ) અને ફૂડ સેફટીએન્ડસ્ટાન્ડર્ડ્સઓથોરિટીઓફઈન્ડિયા (એફએસએસએઆઇ) દ્વારા સંયુક્ત રીતે શરૂ કરવામાં આવેલા રુકો પ્રોગ્રામને સપોર્ટકર્યોહતો, જ સ્વસ્થ આહાર વિશે જાગૃતિ લાવવાઅનેબાયોડિઝલનો ઉપયોગ સ્વચ્છ ઈંધણ બનાવવા માટે વપરાયેલીરસોઈતેલનું પુનર્નિર્માણકરવા માટે કરવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાક મહિનાથી ગુજરાતમાંરુકો સૉફ્ટવેરની ચકાસણીથઈરહી છે અને હવે તે દેશના અન્ય ભાગોમાં વાપરવા માટે તૈયાર છે. રુકો પ્રોગ્રામના લોન્ચિંગ ફંક્શનમાં 'સ્વાસ્થ્ય ભારત યાત્રા' અભિયાન હેઠળ એફએસએસ એઆઈ દ્વારા ચલાવવામાંઆવતીઝુંબેશમાં 'ઈટ રાઈટઇન્ડિયા' - વ્યાપક જાગરૂકતા અભિયાન પણ જોવા મળ્યો. "સરકાર તમામ નાગરિકોના સ્વાસ્થ્ય વિશે સક્રિય છે, તેથીયુકોદ્વારાથતીવિવિધરોગોથીતેમને બચાવવા માટે અમે નક્કી કર્યું છે કે ૨૫% ટીપીસીનેફૂડ ચેઇનમાં મંજૂરીઆપવાનીરાષ્ટ્રીયકાયદાને અમલમાં મૂકવા માટે, અમે અમારારાજ્યને વપરાયેલ રાંધણતેલ ના વપરાશમાંથી મુક્ત કરીશું."યુકોએક મોટોસ્વાસ્થ્યનું જોખમ છે અને તેની ઝેરી અસર અનેક રોગોનું કારણ બને છે. ૨૦૧૮ યુકોની નવીબાયોફ્યુઅલ નીતિ હેઠળ, સ્વચ્છ ઈંધણમાં રૂપાંતરિતકરવામાંઆવશે, જેનાથીઊર્જા સલામતી માટે આરોગ્ય અને ટકાઉ ગ્રીન ઈંધણને ખાતરી આપી શકાય." બીડીએઆઈનાઅંદાજઅનુસારદેશમાંકુલ વનસ્પતિ તેલ વપરાશ ૨૨.૭ મિલિયન ટન છે. તળેલા ખોરાકનો ઉપયોગ ખાસ કરીનેતહેવારોદરમિયાન ખૂબ જ સામાન્ય છે. પરંતુ લોકોતળેલા ખોરાકમાં વપરાતાવનસ્પતિતેલની ગુણવત્તાથી પરિચિત નથી. એસોશિએશન દ્વારાઓઈલ માર્કેટિંગ કંપનીઓને ૨૦૨૨ સુધીમાં ૨.૨ મિલિયન કિલોલિટરબાયોડિઝલનો પુરવઠો પૂરો પાડવાની ખાતરી આપી છે અનેઆજથ્થા સાથેદેશના મિશ્રણ કાર્યક્રમને વેગ મળશે. વર્ષોથી, બાયોડિઝલ ઉદ્યોગ બાયોડિઝલના ઉત્પાદન માટેયુસીઓના ઉપયોગ પર નિયમનકારી અને નીતિ સ્પષ્ટતા તરફેણ કરે છે.

## ઓપો એ ભારતમાં R17 પ્રોઈન રજૂ કર્યો, જે રાત્રે ફોટોગ્રાફીનો ઉત્કૃષ્ઠ અનુભવ આપશે




અગ્રણી સ્માર્ટફોન બ્રાન્ડ ઓપો જે આર્ટ અને ઈનોવેટિવ ટેક્નોલોજી સાથે પ્રોડક્ટ ઉપલબ્ધ કરાવવા માટે સમપર્તિ છે, તેણે તેની ઈ સિરિઝ ડિવાઈઝ ઈન્ડિયા - ઓપો R17 પ્રોના લોન્ચિંગની જાહેરાત કરી છે. સિંગાપોર પહેલું માર્કેટ છે જ્યાં R17 સિરિઝનું સૌપ્રથમ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું ત્યારબાદ શાંઘાઇ અને યુરોપિયન માર્કેટમાં કરાયું હતું. R17 Pro યુઝર્સને તેની દૈનિક જરૂરિયાતોને પૂર્ણ કરે તેવા સ્માર્ટફોનને લાવવા માટે ઈનોવેટિવ ટેક્નોલોજી અને ક્રાંતિકારી ન્યુ ગ્રેડિયન્ટ ડિઝાઈનનું સંયોજન કરે છે."અમે ભારતીય બજારમાં ઈ સિરિઝની એન્ટ્રીની ઘોષણા કરવામાં ઘણી ખુશી અનુભવીએ છીએ. ઓપો ખાતે અમે અમારા કસ્ટમરોની જરૂરિયાતને અનુરૂપ થાય તેવી પ્રોડક્ટો બનાવવા માટે વ્યાપક સ્તરે રિસર્ચ અને ડેવલપમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અમે એવી પ્રોડક્ટો બનાવીયે છીએ જે ડિઝાઇન અને ટેક્નોલૉજીનું સંયોજન છે, જે 'સૌંદર્ય' ને આપણી બધી પ્રોડક્ટોમાં મુખ્ય તત્વ તરીકે રાખે છે. તેથી, અમે એક ફ્લોલેસ પ્રોડક્ટ R17 Pro બનાવ્યો છે જે શ્રેષ્ઠ ડિઝાઇન સાથે નવી

અને ઈનોવેટિવ ટેક્નોલોજીની સર્વોત્તમ સંયોજન કરે છે જેથી અમારા યુઝર્સને સ્પર્ધાત્મક, કટિંગ-એજ સ્માર્ટફોન આપી શકાય." કલાત્મક સ્માર્ટફોન ડિઝાઇન બનાવવાની "ની ડિઝાઇન ફિલોસોફીને અનુસરતા, ઓપો એ હંમેશાથી ઓપોના ફેશનેબલ સૌંદર્યશાસ્ત્ર અને અદ્યતન કારીગરીનો ઉપયોગ કરીને નવી ડિઝાઇન બનાવવા સતત પ્રયાસ કર્યો છે. ઈ૧૫ની નેબ્યુલા પર્પલથી શરૂ કરીને, ઓપો આ ટ્રેન્ડનું નેતૃત્વ કરી રહ્યું છે. જેનાથી સ્માર્ટફોન ઈન્સ્ટ્રીઝમાં ગ્રેડિએન્ટ ડિઝાઇનનો ટ્રેન્ડ આવી ગયો છે. R17 Pro એ લાઇટ-કોન્ડેન્સિંગ લેયરનો ઉપયોગ કરીને બ્રાન્ડ ન્યુ "થ્રી કલર અને બાય/ ક્વાડ ડાઈરેક્શન" ગ્રેડિયન્ટ ડિઝાઇન રજૂ કરે છે જે ડિવાઈસની સપાટી પર પ્રકાશને પ્રવાહિત કરવામાં સક્ષમ બનાવે છે. ભારતીય બજારમાં વ્યાપક માગને કારણે, R17 Pro ડિઝાઇન અને ટેક્નોલૉજીના સંદર્ભમાં યુઝર્સનો અનુભવ વધારવા માટે વિવિધ ટેક્નોલોજી એડવાન્સમેન્ટ આપે છે. સ્માર્ટફોન આકર્ષક અને વાસ્તવિક રંગો જેવા કે રેડિએન્ટ મિસ્ટ અને એમેરાલ્ડ ગ્રીનમાં આવે છે, જે યુઝર્સને તેમની જીંદગી તેજસ્વી બનાવવાનો વિકલ્પ આપે છે.

# તંત્રી સ્થાનેથી ...

**મનુષ્ય તેના સારા આચરણ અને સારા ગુણને કારણે જ ઓળખાય છે.**

## રાજ્યમાં જર્જરિત શાળાના ઓરડાઓ માટે ગ્રાન્ટ મંજૂર કરવી જરૂરી

રાજ્યમાં જર્જરિત શાળાઓના ઓરડાઓને સુવિધાપૂર્ણ બનાવવા માટેના જે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમાં શિક્ષણ વિભાગ નિષ્ફળ નિવડેલ છે. માત્ર વાતો અને ચર્ચાઓથી ક્યારેય વિકાસ થઈ શકે નહિં અને મોટી ગુલબાંગો ફુંકવાનો કોઈ અર્થ જણાતો નથી. હમણાં શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એવોર્ડ આપવામાં આવ્યા. પરંતુ શાળાઓમાં અભ્યાસ કરતા શ્રેષ્ઠ બાળકોના ભવિષ્ય માટે સરકાર દ્વારા ક્યારેય કોઈ પ્રયાસો થયા નથી. રાજ્યમાં એવી ઘણી પ્રાથમિક શાળાઓ છે જે ધરાશાયી થવાની તૈયારીમાં છે. જેના કારણે શિક્ષકો વિદ્યાર્થીઓને બહાર ખુલ્લામાં (ચોગાનમાં) અભ્યાસ કરાવી રહ્યા છે. આ શિક્ષણ વિભાગને શોભે છે ખરું?

આમ તો લાખો-કરોડોની યોજનાઓને લીલી ઝંડી આપવામાં આવે છે. રાજકીય ઉત્સવો પાછળ લાખોનું પાણી કરાય છે. જેમ વાઘની બોડમાં કોઈ હાથ નાંખી ન શકે તેમ સરકારને ખર્ચ બાબતે કોઈ સવાલ કરી શકે તેમ નથી. આવું વર્ષોથી ચાલતુ આવ્યું છે અને ચાલે છે પરંતુ જર્જરિત શાળાઓમાં અભ્યાસ કરતા નાના ભૂલકાઓના ભવિષ્યનું શું? આ બાબતે કેમ શિક્ષણ વિભાગને વિચાર આવતો નહિં હોય? એક તરફ સરકાર શિક્ષણના સ્તરને ઊંચુ લાવવા માટે નીત નવા પ્રયાસો કરે છે અને લાખો કરોડોનો ધૂમાડો કરે છે. જ્યારે બીજી તરફ રાજ્યના ગરબાડા તાલુકાના ટૂંકીવજુ પ્રાથમિક શાળાના બાળકોને બેસવા માટે ઓરડા જ નથી. પરિણામે શાળાના ૭ થી ૮ ના ધોરણના ૫૩ જેટલા બાળકો ગ્રામ પંચાયતના એક જ ઓરડામાં છેલ્લા ત્રણ વર્ષથી અભ્યાસ કરી રહ્યા છે. તેમજ ધો.૫ અને ૬ ના ૬૩ જેટલા બાળકો પાછલા ત્રણ ત્રણ વર્ષથી એકદમ જર્જરિત ઓરડામાં બેસી જીવના જોખમે અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં માત્ર બે ઓરડા ઠીકાઠીક મતલબ કે હાલ સારા છે. જેમાં ધો.૧ થી ૪ ના ૧૧૦ જેટલા બાળકોને અંદર બેસાડવામાં આવી રહ્યા છે. જો પ્રતિકુળ માહોલ ન હોય તો વિદ્યાર્થીઓ અભ્યાસ કેવી રીતે કરી શકે?

ધો.૭ થી ૮ ના બાળકોને ભણાવતા શિક્ષકનું કહેવું છે કે ધો.૭ ના ૫૩ જેટલા બાળકોને છેલ્લા ત્રણ વર્ષથી પંચાયતના મકાનમાં બેસાડીને ભણાવવામાં આવે છે જ્યારે ૫ અને ૬ ધોરણના ૬૩ જેટલા બાળકોને એક જ રૂમમાં ચાર વર્ષથી અભ્યાસ કરાવવામાં આવે છે જે રૂમ ખુબ જ જર્જરિત હાલતમાં ઉભો છે. પ્રાથમિક શાળાની આ કરમ કહાની બાબતે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગની આંખો ખુલશે ખરી? શિક્ષણ વિભાગના અધિકારીઓ પાસે આ બધું જોવાની કદાચ ફુરસત નહિં હોય એવું સ્પષ્ટ જણાય છે.

કહેવાય છે કે ટૂંકીવજુ પ્રા.શાળાએ નવા ઓરડાઓના નિર્માણ માટેની મંજુરી ત્રણ વર્ષ પહેલાં માંગી હતી. જ્યારે જિલ્લા પંચાયત દ્વારા જર્જરિત શાળાને તોડવાની મંજુરી આપી દેવામાં આવી હતી પરંતુ નવિન ઓરડાના બાંધકામ માટે શિક્ષણ વિભાગ દ્વારા આજદિન સુધી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી જ નથી. જેના કારણે બાળકોને જર્જરિત ઓરડામાં તેમજ ગ્રામ પંચાયતના રૂમમાં બેસીને અભ્યાસ કરવાનો વારો આવ્યો છે. જે બે ઓરડામાં ૧૧૦ વિદ્યાર્થીઓને બેસાડવામાં આવે છે. તે બાળકોને શિક્ષક કેવી રીતે ભણાવતા હશે? ત્યારે આ બાળકોના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે. તેના માટે જવાબદાર કોણ?

વિકાસની સુફિયાણી વાતો વર્ષોથી સાંભળવામાં આવે છે પરંતુ નક્કર કામગીરી કરવામાં સરકારનું કોઈ તંત્ર નિષ્ફળ નિવડ્યું નથી? તે વાત ચોક્કસ છે.

## ઈન્ડિયા'સ ગોટ ટેલેન્ટના સેમી ફિનાલે પર મલાઈકનજે જાદુનો અનુભવ



ઈન્ડિયા'સ ગોટ ટેલેન્ટના પ્રતિસ્પર્ધીઓ પોતાની કુશળતાઓને મઠારી અને એ ચોકકસ કરી રહ્યાં છે કે પોતે પોતાનું સર્વોત્તમ લઈને આવે. પોતાની ચમત્કૃત કરી દેનારી યુક્તિઓ માટે જાણિતા, જાદુગર બી.એસ.રેડ્ડીએ પોતાના વિમાસણમાં મૂકી દેનારા એકટ વડે સેમી ફાઈનલ્સ માટેની પાત્રતા મેળવી લીધેલ છે. અગાઉ એમની યુક્તિઓથી રોમાંચિત, મલાઈકા ખેલદિલીપૂર્વક એમની સાથે મંચ પર જોડાવા તૈયાર થઈ ગઈ, એ જાણ્યા વગર કે પોતાની સામે શું આવવાનું છે. જાદુગરે તેણીને એક ટેબલ પર આડા પડી જવા કહ્યું અને એક પળના પણ વિલંબ વગર મલાઈકા હવામાં તરતી દેખાઈ. દરેકજણ અવાક હતું અને પોતાની નજર પર વિશ્વાસ નહોતો થઈ રહ્યો. ત્યાં ઉપસ્થિત દરેકજણ આ જાદુ પર દિગમુઢ હતું.

પ્રતિસ્પર્ધીની પ્રશંસા કરતાં મલાઈકા અરોડાએ કહ્યું, "તમે સાચે જ એક અદ્દભુત જાદુગર છો. મને આશ્ચર્ય છે કે તમે કેવી રીતે મને હવામાં તરતી કરી દીધી અને મને એ જાણવાનું કુતુહલ છે કે તમે અહીં હાજર દરેકજણ સાથે કેવી રીતે યુક્તિ કરી લીધી." ભલે, વેપારના રહસ્યોની આપ—લે કોઈની પણ સાથે કયારેય ન કરાય અને તે ન કરાઈ.

સૈયામીએ પણ કહ્યું, "ખૂબ જ લોકપ્રિય જાદુગર, ડેવિડ બ્લેન પર હું ફિદા હતી અને એમના વીડિયોઝ જોતી અને આજે તમે મને એમની યાદ અપાવી દીધી. તમે ખૂબ જ સારા છો, અને મને આશા છે કે કોઈક દિવસ તમારો પોતાનો શો હશે."

શમણાંઓને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવા માટે જાણિતું, કલર્સનું ઈન્ડિયા'સ ગોટ ટેલેન્ટ એક વખત ફરીથી પુરવાર કરે છે કે આપણાં દેશની છુપી પ્રતિભાને દરેકજણની સામે ળપકાશમાં આણવાની આવશ્યક્તા છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કીયામોટર્સ ઈન્ડીયાએ ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૧૯ માટે અત્યાર સુધીની સૌથી મોટી બૉલકીડ ટીમની જાહેરાત કરી



વિશ્વની આઠમા નંબરની સૌથી મોટી વાહન ઉત્પાદક કંપની કીયા મોટર્સ આજે જાન્યુઆરીમાં યોજાનાર ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૧૯ માટે અત્યાર સુધીની સૌથી મોટી બૉલકીડ ટીમની જાહેરાત કરી છે. ભારતભરમાંથી ૧૮૦૦થી વધુ નાની વયના (૧૨ થી ૧૫ વર્ષની વયના) ટેનિસ ચાહકોએ ચુનંદી ઓસ્ટ્રેલિયન ઓપન બૉલકીડ ટીમમાં પોતના દેશનુ પ્રતિનિધિત્વ કરવા માટે ખુલ્લી કસોટીમાં હાજરી આપી હતી. ભારતીય ટેનિસ લીજેન્ડ મહેશ ભૂપતી આ પ્રોગ્રામના મેન્ટર તરીકે કામ કરી રહ્યા છે. ટેનિસ ઓસ્ટ્રેલિયાના અધિકારીઓએ વિવિધ માપદંડને આધારે એલીટ બૉલ હેન્ડલીંગ અને કૌશલ્ય ચાતુર્ય, ધ્યાન કેન્દ્રિત કરવાની ઉત્તમ પધ્ધતિ , ટીમના હિસ્સા તરીકે કામ કરવાની ઈચ્છા, અને હકારાત્મક અભિગમને આધારે ટોચના ૧૦ બાળકોની પસંદગી કરાઈ છે. આ પ્રોગ્રામમાં સમગ્ર દેશમાંથી ૧૮૦૦થી વધુ બાળ ટેનિસ ચાહકોએ ભારે ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમાંથી ઓસ્ટ્રેલિયન ઓપનના અધિકારીઓએ ૧૦ વ્યક્તિની બનેલી ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૧૯ માટે અત્યાર સુધીની સૌથી મોટી બૉલકીડ ટીમ પસંદ કરી છે. અધિકૃત કીયા ઈન્ડીયન બૉલકીડ ટીમમાં સાર્થક ગાંધી, એમ વર્શિથ કૌર રેડ્ડી, નમન મહેતા, અંકિત પિલાનીયા, અક્ષિત ચૌધરી, સોનમ દિવાન, રિભવ ઓઝા, સ્વાતિ મલહોત્રા જેન્ની-કા જયસન અને અનન્યા સિઘનો ભારતના વિવિધ પ્રદેશોમાંથી સમાવેશ કરાયો છે, જે દેશભરમાં નાની વયના બાળકોમાં ટેનિસની રમત પ્રત્યેની અદભૂત ધગશનુ પરિણામ છે.

ઓસ્ટ્રેલિયન ઓપનના ઘણા લાંબા ગાળાના મહત્વના સ્પોન્સરર તરીકે કીયા મોટર્સ ભારતમાં ઈન્ટરનેશનલ બૉલકીડ પ્રોગ્રામ ૨૦૧૮નુ વિસ્તરણ કરતાં આનંદ અનુભવે છે. ખુલ્લી બૉલકીડ કસોટીમાં સામેલ થનાર તમામને વિકાસનો મૂલ્યવાન અનુભવ હાંસલ થયો છે. પસંદ કરાયેલા ૧૦ બાળકોને જીવનમાં જવલ્લેજ પ્રાપ્ત થતો તેમના મનપસંદ સ્ટારને જાન્યુઆરીમાં મેલબોર્ન ખાતે રમતા જોવાનો અનુભવ પ્રાપ્ત થશે. કસોટીમાં વિવિધ પ્રકારના ટેસ્ટ લઈને ૧૦૦થી વધુ બાળકોને શોર્ટલીસ્ટ કરવામાં આવ્યાં હતાં. એમાં પાંચ રાઉન્ડનો સમાવેશ થતો હતો અને તેમના એથેલેટ તરીકેની તથા કોમ્યુનિકેશનના નીચે મુજબના કૌશલ્યને ચકાસવામાં આવ્યું હતું. જેમાં (૧ )બૉલને ગબડાવવો (૨) ઝડપ અને ચપળતા (૩) બોંલ ફેંકવો અને (૫) કોમ્યુનિકેશનના કૌશલ્યનો સમાવેશ કરાયો હતો. ૧૨ થી ૧૫ વર્ષની ઉંમર એ ટેનિસના ખેલાડીઓ માટે મહત્વનાં અને ઘડતરનાં વર્ષો તથા નિર્ણાયક પરિબળ છે. કીયાની પહેલને કારણે નાના ખેલાડીઓને સખ્ત પરિશ્રમ કરવાની તથા કૌશલ્યને સતેજ બનાવવાની અને ગ્લોબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ઝળકવાની પ્રેરણા મળશે."

## ૯મી ડિસેમ્બરના રોજ 'નાનુ કી જાનુ'ના વર્લ્ડ ટેલિવિઝન પ્રિમયર સાથે એન્ડપિક્ચર્સ, તમને આવકારે છે, હાસ્યના હુલ્લડમાં




શું થાય છે, જ્યારે એક બદમાશ જે બીજાઓને હેરાન કરતો હોય છે, તે પોતાના જ ઘરમાં હેરાન થાય? સ્વાગત છે, તમારું નાનુ કી જાનુ- એક મેડકેપ હોરર કોમેડી, જેમાં એક બદમાશ એક એક ભૂતના પ્રેમ જેવી એક અજીબ જ પરિસ્થિતિમાં પડી જાય છે. અભય દેઓલ અને પાત્રલેખાને મુખ્ય ભૂમિકામાં દર્શાવતી આ મીવીમાં ઘણું હોરર, હાસ્યનંસ હુલ્લડ અને પ્રેમ એ કહેવા માટે તો હિંમત જોઈ છે? દર રવિવારે પ્રિમિયર લાવવાના વાયદાની સાથે એન્ડપિક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલમાં ફરાઝ હૈદરની ડિરેક્ટ કરવામાં આવેલી 'નાનુ કી જાનુ'નું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર દર્શાવવામાં આવશે, રવિવાર, ૯મી ડિસેમ્બર, સાંજે ૮ વાગ્યે. વાર્તા છે, નાનુ (અભય દેઓલ), ગુંડાઓની ટીમના એક નેતાની વાત છે, જે ભાડે આપવાનું બહાનું કરીને નોઈડામાં એક એપાર્ટમેન્ટ ઉપર કબજો કરી લે છે. આ એસાઈન્મેન્ટ દરમિયાન, નાનું એક રોડને કિનારે એક મહિલાને સુતેલી લોહી નિકળતી હાલતમાં પડેલી જૂએ છે. તેના છેવટ સુધીના પ્રયત્ન છતાં પણ નાનુ સિદ્ધી (પાત્રલેખા)ને બચાવવામાં નિષ્ફળ જાય છે. તેના શરીરને કબ્રસ્તાનમાં ફાધરને આપીને નાનુ કામ પર પાછો ફરે છે, પરંતુ તે બદલાઈ ગયો હોય છે. તુરંત જ તેની સાથે તેના ઘરમાં અજીબ અજીબ હરકતો થવા લાગે છે અને એક ભૂત જોવા મળે છે. આ ભૂત કોણ છે અને નાનુની પાસે આવવાનું તેનું કારણ શું છે, એ જાણવા માટે જૂઓ મૂવી.હસાવી હસાવીને લોટપોટ કરી દે તેવી, હોરર કોમેડીના સાક્ષી નવા માટે તૈયાર થઈ જાવ!

## ઓપ્પલે જેબીએલ સિલિંગ લાઈટ લોન્ચ કરી, લાઈટ અને સાઉન્ડનો અદ્દ્ભુત સંગમ



વૈશ્વિક સ્તરે અગ્રણી એલઈડી લાઈટિંગ બ્રાન્ડ પૈકીની એક તથા ઈન્ટિગ્રેટેડ લાઈટિંગ સોલ્યુશન્સ પૂરાં પાડતી કંપની ઓપ્પલે તાજેતરમાં પોતાની નવી જેબીએલ સિલિંગ લાઈટ લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે બ્લુટુથ સ્પીકર્સથી સજ્જ છે. આ હાઈ પર્ફોર્મન્સ સ્માર્ટ લાઈટ રિમોટ કંટ્રોલની સંચાલિત રહેશે. આ અનોખી લાઈટિંગ ઈલ્યુમીનરી એકદમ વિશિષ્ટ છે અને જેબીએ સાથે મળીને તેની નવી ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે."જેબીએલ સિલિંગ લાઈટના લોન્ચ સાથે બ્રાન્ડ ઈનોવેટિવ તથા પ્રોફેશ્નલ અને હોમ ઈમ્લુમીનરીઝ દ્વારા ઉપયોગમાં સરળ રહે તે પ્રકારે લાઈટ્સ મેન્યુફેક્ચરિંગ ઉપર કામ કરી રહ્યું છે. અમારી બ્રાન્ડની ઓળખ વિઝ્યુઅલ એક્સપ્રેશન છે, જે માટે અમે અમારા ગ્રાહકો માટે કામ કરી રહ્યાં છીએ. સ્માર્ટ બિલ્ડિંગના વિચાર સાથે આ લાઈટ્સ હાઈ-પર્ફોર્મન્સ જેબીએલ સ્પીકર સાથે બેસ્ટ ચોઈસ બની રહેશે. અમારો ઉદ્દેશ્ય નવીન અને અદ્યતન ટેકનોલોજી રજૂ કરીને લાઈટિંગ ઈન્ડસ્ટ્રીમાં ઈનોવેશન જાળવી રાખવાનો છે, જેથી હોમ, મોલ, સ્કૂલ, હોસ્પિટલ વગેરે સ્થળોને સારા લાઈટિંગ સોલ્યુશન્સ પ્રદાન કરી શકાય."ઉલ્લેખનીય છે કે જેબીએલ લાઈટ એવાં પ્રકારે ડિઝાઈન કરાઈ છે કે જે લાઈટ અને સાઉન્ડનું સંગમ બને અને યુઝર્સને ખુબજ સારી ગુણવત્તા મળી રહે. આ સિલિંગ લાઈટ ૫૭૦★૧૧૩ એમએમની ડિઝાઈન અને રિમોટ કંટ્રોલ માટે બ્લુટુથ કનેક્શન ધરાવે છે. આ પ્રોડક્ટ સરળતાથી ઈનસ્ટોલ કરી શકાય છે અને તેની બ્રાઈટનેસને કલરના વિકલ્પો પ્રમાણે એડજસ્ટ કરી શકાય છે. ૧૭૬થી ૨૬૪વી, ૫૦ એચઝેડના વોલ્ટેજ સાથે લાઈટ વોર્મ અને કોલ્ડ લાઈટ સાથે એકદમ સજ્જ છે.ઓપ્પલની જેબીએલ સિલિંગ લાઈટ ઘરે લાવો તથા લાઈટ અને સાઉન્ડના અદ્દ્ભુત મિશ્રણનો જાદૂ અનુભવો.

## 'આનંદ વહેંચો, અફવાઓ નહીં' – વ્હોટ્સઅપ દ્વારા યુઝર્સને માહિતગાર કરવા માટે પ્રથમ ટેલિવિઝન ઝૂંબેશ

આજે ભારતમાં વોટ્સઅપ એ 'આનંદ વહેંચો, અફવાઓ નહીં' કહેવાતું તેનું પ્રથમ ટેલિવિઝન કેમ્પેઈનનું લોન્ચિંગ કર્યું છે. ખોટી માહિતીઓ અને હાનિકારક અફવાઓના જોખમને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્યની સાથે ટેલિવિઝન કેમ્પેઈનની શરૂઆત કરવામાં આવી છે. વ્હોટ્સઅપે મુંબઈની એજન્સી ટાપરૂટ ડેંટસુ અને ફિલ્મમેકર શિર્ષાગુહા ઠકુરાતની સાથે મળીને ૬૩ સેકન્ડની ફિલ્મ વિકસાવવી છે, જેમા દરેક વ્યક્તિની સાથે-સાથે ફેમેલી અને સ્કૂલ ગ્રૂપ્સ દ્વારા વ્હોટ્સઅપ ઉપર ફેલાવવામાં આવતી ખોટી અફવાઓ વિશે વાસ્તવિક પરિસ્થિતિઓ દર્શાવવામાં આવી છે. દરેક ફિલ્મનો નાયક અફવાઓ નહીં ફેલાવવી અને પોતાના જીવનમાં વ્હોટ્સઅપનો અંકુશિત ઉપયોગ કરવાનું શીખવે છે જેમ કે, અફવાઓ ફેલાવનાર વ્યક્તિઓને ગ્રૂપમાંથી બહાર કાઢવા અથવા સેન્ડરને બ્લોક કરવાનું શીખવે છે.વ્હોટ્સઅપે ભારતમાં યુઝર્સનું વ્યાપક સ્તરે સંશોધન કર્યું અને પ્રત્યેક ફિલ્મ વાસ્તવિક વપરાશકર્તાના અનુભવ પર આધારિત છે. ત્રણેય ફિલ્મો ટીવી, ફેસબુક, અને યુ-ટ્યુબ ઉપર દસ ભાષાઓમાં ઉપલબ્ધ થશે જે વ્યાપક સ્તરે જનસંખ્યા સુધી પહોંચશે જે વ્હોટ્સઅપ યુઝર્સ માટે બનાવવામાં આવી છે. રાજસ્થાન અને તેલંગણાની ચૂંટણીઓની શરૂઆતની સાથે આ એડવર્ટાઈઝિંગ કેમ્પેઈન શરૂ થવાનું છે અને આગામી વર્ષે રાષ્ટ્રીય સ્તરની લોકસભાની ચૂંટણીમાં આગળ વધારવાનો વ્હોટ્સઅપ પ્રયાસ કરશે.છેલ્લા કેટલાંક મહિનાઓથી, વ્હોટ્સઅપે તબક્કારવાર ફેરફારોની શ્રેણી બનાવી છે જેમાં વપરાશકર્તાઓને માહિતીગાર કરવા માટે ફોરવર્ડ કરાયેલા મેસેજ પર એક લેબલ દર્શાવવાની સાથે-સાથે તેમને તાત્કાલિક કોન્ટેક્ટ પ્રાપ્ત નહીં થાય અને કેટલાંક યુઝર્સને એક મેસેજ એક સાથે કેટલાં લોકોને ફોરવર્ડ કરી શકાય તેની લિમિટ સામેલ છે. આ ઉપરાંત, અનિચ્છનીય સ્વયંસંચાલિત પ્રવૃત્તિમાં જોડાયેલા એકાઉન્ટ્સને પ્રતિબંધિત કરવા માટે એન્ટી- સ્પામ ડિટેક્શનની ક્ષમતાઓ વધારવાનું વ્હોટ્સઅપે ચાલી રાખ્યું છે.

## સિનેપોલીશે ભારતભરમાં ૪૭૦૦થી વધુ વંચિતો માટે મુવી સ્ક્રીનીંગનું આયોજન કર્યું



ભારતની પ્રથમ ક્રમાંકની અને વિશ્વમાં બીજા ક્રમાંકની સૌથી મોટી મુવી થિયેટર સર્કિટ એવી સિનેપોલીશે રાઉન્ડ ટેબલ ઈન્ડિયા ફોર અંડરપ્રિવીલેજડ કીડ્ઝના સહયોગથી આજે એક ખાસ મુવી સ્ક્રીનીંગનું આયોજન કર્યું હતું. આ પહેલ સિનેપોલીશના નાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે જીવન બદલવાના એક ભાગરૂપેની છે. ચાલુ વર્ષે, ૪૭૦૦થી વધુ વંચિત બાળકોની જેની ઘણા લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે તેવા એકશન SC-કૈ થ્રીલર '૨.૦'નું ૧૮ શહેરોમાં સિનેપોલીશ સિનેમા ખાતે સ્ક્રીનીંગ કર્યું હતું. "રાઉન્ડ ટેબલ ઈન્ડિયા અને સિનેપોલીશે ભારતભરના વંચિત બાળકોના ચહેરા પર સ્મિત લાવવા માટે ફરી એક વાર ભાગીદારી કરી છે. મુવી એ આતુરતાનું સર્જન કરવાનું અને નાના બાળકોને શિક્ષણ આપવાનું અસરકારક માધ્યમ છે. ૨.૦ એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અદ્યતન ગ્રાફિક્સ ક્ષેત્રે અદભૂત છે, જે બાળકોમાં મહત્ત્વાકાંક્ષી મૂલ્યોમાં ચોક્કસપણે વધારો કરે છે અને ઉજ્જવળ ભવિષ્યની આશા સેવવામાં મદદ કરે છે. સિનેપોલીશની આરામદાયકતા નિઃશંકપણે તેમને તેમના જીવનમાં અનેક શ્રેષ્ઠ અનુભવોમાંનો એક અનુભવ પૂરો પાડશે.. આ સ્ક્રીનીંગ બાદ નાસ્તાનુ તેમજ મુવી અંગી ચર્ચાનું પણ એક આયોજન કરવામાં આવ્યું હતું. સિનેપોલીશ આવી પ્રવૃત્તિનું છેલ્લા ૫ વર્ષથી આયોજન કરી રહ્યું છે અને અત્યાર સુધીમાં ૨૧,૬૯૦ વંચિત બાળકો માટે મુવી સ્ક્રીનીંગ કર્યું છે. "લેટસ ઓલ ગો ટુ સિનેપોલીશ" એ વૈશ્વિક પહેલ છે જેમાં મુવીના માધ્યમથી વંચિત બાળકોના જીવનને ઉજ્જવળ બનાવવાની સાથે પ્રેરણા અને શિક્ષણ આપવાના હેતુનો સમાવેશ થાય છે.

## ઑનલાઈન ખરીદવામાં આવેલા ટુ-વ્હીલર વીમામાંના ૬૦% રદ થયેલી પૉલીસીઝને પુનઃજીવીત કરવા માટે હતા

શું તમે જાણો છો કે, ૨૦૧૮માં ઑનલાઈન ટુ-વ્હીલર વીમો ખરીદનારા દસમાંના છ ભારતીયોએ ડિજિટલ મંચનો ઉપયોગ રદ થઈ ગયેલી (લેપ્સ્ડ) પૉલીસીઝને પુનઃજીવીત (રિવાઈવ) કરવા માટે કર્યો હતો? પૉલીસીબાઝાર.કૉમના પ્રોડક્ટ ઍન્ડ ઈનોવેશન સેન્ટર (પીઆઈસી) દ્વારા હાથ ધરવામાં આવેલા લેટેસ્ટ અભ્યાસમાં આ તારણો સામે આવ્યા છે. દેશભરમાં ટુ-વ્હીલર વીમો ઑનલાઈન ખરીદનારા દસ લાખ કરતાં વધુ ગ્રાહકોની વર્તણૂંક આ અભ્યાસમાં ધ્યાનમાં લેવામાં આવી હતી.આ અદભુત પરિણામો છે, એવા સમાજમાં જ્યાં ટુ-વ્હીલર પરિવહનના મૂળભૂત વાહનો છે ત્યાં સૌની સુખાકારી પર આ બાબતનો બહુ મોટો સામાજિક પ્રભાવ પડે છે. વીમાપ્રદાતા કંપનીઓ માટે ટુ-વ્હીલર વીમો બહુ લાંબા સમયથી એક કોયડો રહ્યો છે, રકમ બહુ નાની હોવાને કારણે વિતરકોએ ક્યારેય તેમાં ખાસ રસ લીધો નથી. આ ઉત્પાદન ડિજિટલ ચેનલ માટે એકદમ બંધબેસતું છે, કેમ કે આ વીમો મેળવવા માટેનો ખર્ચ અત્યંત ઓછો રાખવામાં જ તેનું સામર્થ્ય છે." આપણા દેશમાં જ્યાં આશરે ૭૫% જેટલા ટુ-વ્હીલર્સ વીમા વિનાના છે, ત્યાં ડિજિટલ મંચ વિશ્વના સૌથી વધુ વેચાણ ધરાવતા આ ટુ-વ્હીલર બજારમાં પસંદગીના મંચ તરીકે ઊભર્યું છે. સર્વેક્ષણમાં વધુમાં એ પણ સ્પષ્ટ થયું કે, ડિજિટલ મંચ દ્વારા મળતી સહુલિયત, સરળતા અને ત્વરિત ફાળવણી ન હોત તો, આમાંના મોટા ભાગના ગ્રાહકોએ પોતાના ટુ-વ્હીલર માટેનો વીમો નજીકના ભવિષ્યમાં રિવાઈવ ન કર્યો હોત.આ તારણોને અનોખા બનાવતી બાબત એટલે, પોતાના ઘરમાં ટુ-વ્હીલરની માલિકી ધરાવતા ગ્રાહકોના સૌથી મોટા જથા પર આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. પ્રાપ્ત આંકડાઓના વિશ્લેષણથી સ્પષ્ટ જણાય છે કે, ડિજિટલ ચેનલને કારણે રસ્તાઓ વધુ સુરક્ષિત અને વધુ સલામત થવાની શરૂઆત થઈ છે, કેમ કે અકસ્માતો ભારતમાં રોજબરોજના જીવનનો હિસ્સો બની ગયા છે.વીમા વિનાના ટુ-વ્હીલર રસ્તા પર ચાલતા હોવાને કારણે અકસ્માતના કિસ્સા સાથે સંકળાયેલા લોકો અને તેમના પરિવારો પર આવી પડતી આકસ્મિક આર્થિક જવાબદારીનું જોખમ અત્યંત મોટું હોય છે, કેમ કે મોટા ભાગના કિસ્સાઓમાં આવા અકસ્માત પરિવારોના મુખ્ય કમાઉ સભ્યોને મૃત્યુ અને વિકલાંગતા તરફ દોરી જતા હોય છે."આવનારા સમયમાં આ શ્રેણીને અમે ડિજિટલ-વિશિષ્ટ બનતી જોઈ રહ્યા છીએ, કેમ કે તેના અંગે લોકો એકમેકને જણાવતા થયા હોવાને કારણે જાગરુકતા ફેલાઈ રહી છે. આ શ્રેણીમાં નફાનો ગાળો અત્યંત ઓછો હોવાને કારણે આ શ્રેણીને વીમાપ્રદાતા માટે ટકાઉ બનાવવા અંગે પ્રસાર માધ્યમ (મિડિયા) પર બહુ મોટી સામાજિક જવાબદારી છે."અભ્યાસનું વધુ વિશ્લેષણ કરતા વાસ્તવમાં કેટલાક વધુ રસપ્રદ સંદર્ભો સામે આવ્યા છે, જેમ કે – રદ થઈ ગયેલા ટુ-વ્હીલર કવચવાળા એક તૃતિયાંશ ભારતીયોએ અગાઉની પૉલીસીની મુદત પૂરી થયા બાદ ૯૦ દિવસની અંદર નવું કવચ ખરીદી લીધું હતું.

## ચાયના હોમલાઈફ / મશીન એક્સપો ભારત અને ચીન વચ્ચે વેપાર સંબંધો મજબૂત બનાવે છે

૨૦૧૭માં અદભુત પ્રતિસાદ સાંપડ્યા પછી ભારતનું સૌથી વિશાળ ચાયના સૉર્સિંગ બીટુબી પ્રદર્શન ચાયના હોમલાઈફ / મશીનેક્સ ઈન્ડિયા ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં બોમ્બે કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટરમાં ૧૭મીથી ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ યોજાશે.આ પ્રદર્શન હોમ લાઈફ ટ્રેડ ફેર હેઠળ ફર્નિચર, હોમ એપ્લાયન્સીસ, ટેક્સટાઈલ્સ અને ગારમેન્ટ્સ, કિચન અને બાથરૂમ, ગાર્ડન અને લીઝર, ગિફ્ટ્સ તેમ જ લાઈટ્સ અને લેમ્પ્સમાં લેણદેણ કરતા ચીનના ૧૫૦૦ જેટલા મુખ્ય પુરવઠાકારો પાસેથી પ્રત્યક્ષ સ્રોત કરવામાં આવ્યું છે.દર વર્ષે ચાયના હોમલાઈફ /ચાયના મશીનેક્સ ઈન્ડિયા ૨૦૧૮માં વેપાર ભાગીદારોમાં અમને વધારો જોવા મળી રહ્યો છે. ચાયના હોમલાઈફ / મશીનેક્સ ઈન્ડિયાની વર્તમાન આવૃત્તિમાં બાવીસ પ્રોડક્ટ સેગમેન્ટ્સ પર સમર્પિત ધ્યાન કેન્દ્રિત કરાશે, જેમાં અગ્રણી ઉત્પાદકો અને પુરવઠાકારો પાસેથી બિલ્ડિંગ મટીરિયલ્સ, કન્ઝયુમર ઈલેક્ટ્રોનિકસ, ફર્નિચર, હોમ એપ્લાયન્સીસ, ટેક્સટાઈલ્સ અને ગારમેન્ટ્સ, હોમ પ્રોડક્ટ્સ, ગિફ્ટ તેમ જ લાઈટ્સ અને લેમ્પ્સનો સમાવેશ થાય છે. તે મીઓરિયન્ટ ઈન્ટરનેશનલ શાંઘાઈ દ્વારા આયોજિત કરવામાં આવ્યું છે, જેનું વ્યવસ્થાપન વિનમાર્ક એક્ઝિબિશન્સ, મુંબઈ દ્વારા કરવામાં આવે છે. આ ઈવેન્ટ ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એસોસિયેશન યુએફઆઈ પેરિસ દ્વારા પ્રમાણિત છે અને દુનિયામાં મુખ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાંથી એક છે. બીએફસી સીમાપાર બીટુબી મંચ છે, જેણે આવશ્યક ક્ષેત્રમાં ચીન પાસેથી મશીનરીનો સમાવેશ ધરાવતી આખી ફેક્ટરી નિકાસ કરવાનું બીડું ઝડપી લીધું છે. સંપૂર્ણ ઈક્વિપમેન્ટ સેવાઓ પૂરી પાડવાથી નિર્માણ રેખાના નિયોજનથી કોઈ પણ નિકાસ સેવાઓ હાથ ધરવા સુધી તેઓ પરિપૂર્ણ ફેક્ટરી સેટ-અપ અને નિવારણ પ્રદાતા છે.

## લેન્ડ રોવર ડિસ્કવરીનાં વાહનોમાં કેપ ટાઉનથી કાઠમંડુ સુધીની કિંગ્સલે હોલગેટ ફાઉન્ડેશન એક્સપીડિશન ભારતમાં પહોંચી

મુંબઈ

લેન્ડ રોવર ડિસ્કવરી વાહનોમાં કેપ ટાઉનથી કાઠમંડુના પ્રવાસે નીકળેલા વિશ્વવિખ્યાત વૈશ્વિક ખોજકર્તાઓ કિંગ્સલે અને રોસ હોલગેટ ભારતમાં પહોંચ્યા છે. ૧૭,૦૦૦ કિમી આવરી લેતાં ૧૯ દેશની આ સફરે બે ખંડોમાં માનવતાવાદી અને સમુદાય સંવર્ધન ધ્યેય પર આફ્રિકા, કોકેસસ અને એશિયામાંથી પ્રવાસ કર્યો, જે ધ્યેયમાં મલેરિયા નિવારણ, માશોઝીઝ રાઈટ ટુ સાઈટ, લાઈફસ્ટ્રો ડિસ્ટ્રિબ્યુશન, કોમ્યુનિટી કન્ઝર્વેશન એજ્યુકેશન અને અર્લી ચાઈલ્ડહૂડ ડેવલપમેન્ટ (ઈસીડી)નો સમાવેશ થાય છે.પહેલી વાર લેન્ડ રોવર ડિસ્કવરીએ કોકેસસ અને એશિયા થકી સાઉથ આફ્રિકામાંથી આ ટ્રાન્સકોન્ટિનેન્ટલ પ્રવાસ હાથ ધર્યો હતો. અમારાં બે વિશિષ્ટ કિટ સાથેનાં લેન્ડ રોવર ડિસ્કવરી વાહનો ખરેખર વર્સેટાઈલ છે અને તેમની અદભુત ક્ષમતા અમારા પ્રવાસમાં અમે સામનો કરેલી અત્યંત કપરી સ્થિતિઓ થકી સિદ્ધ થઈ છે.આ સફર ભારતમાં પ્રવેશી છે અને હાલમાં નવી દિલ્હીમાં છે. તેઓ હવે આગ્રા જશે, જ્યાંથી લખનૌ અને વારાણસી પછી આખરે ૭ ડિસેમ્બરે નેપાળ જશે. ભારતની મુલાકાત દરમિયાન તેઓ ગ્રામીણ વિસ્તારોમાં સમુદાય કામો કરશે. જેગુઆર લેન્ડ રોવર વાહનો ભારતમાં અમદાવાદ, ઔરંગાબાદ, બેન્ગલુરુ, ભુવનેશ્વર, ચંડીગઢ, ચેન્નાઈ, કોઈમ્બતુર, દિલ્હી, ગુરગાવ, હૈદરાબાદ, ઈન્દોર, જયપુર, કોલકતા, કોચી, કરનાલ, લખનૌ, લુધિયાણા, મેન્ગલોર, મુંબઈ, નાગપુર, નોઈડા, પુણે, રાયપુર, વિજયવાડા અને સુરતમાં ૨૭ અધિકૃત આઉટલેટ્સ થકી ઉપલબ્ધ છે.

## અદાણી પોર્ટે કેરળ પૂર સહાય માટે મેળવ્યો CSR એક્સેલન્સ એવોર્ડ



અમદાવાદ

અદાણી વિઝ્હીન્જામ પોર્ટ પ્રા. લિમીટેડે કેરળ પૂર દરમિયાન કરેલી સહાય અને પુનઃબાંધકામ કાર્યો માટે પોતાના યોગદાન બદલ પ્રતિષ્ઠિત ઈન્ડીવુડ સ્પેશિયલ CSR એક્સેલન્સ એવોર્ડ – હોલ ઓફ ફેમ ૨૦૧૮ પ્રાપ્ત કર્યો છે. અદાણી ગ્રુપની CSR, સસ્ટેનેબિલીટી અને કોમ્યુનિટી આઉટરિચ કંપની અદાણી ફાઉન્ડેશને રાજ્યમાં પ્રજાને તેમનું જીવન ફરી પાટે ચડાવવાના મહામુશ્કેલ કાર્યમાં માટે મદદ કરવા માટે કેરળ ચિફ મિનીસ્ટર્સ ડીસ્ટ્રેસ્ડ રિલીફ ફંડમાં રૂ. ૫૦ કરોડનું યોગદાન આપ્યુ છે. અદાણી વિઝ્હીન્જામ પોર્ટ પ્રા. લિમીટેડે અદાણી ફાઉન્ડેશન મારફતે કેરળ પૂર રાહત અને પુનઃનિર્ધારણ પ્રયત્નોનું કઠિન કાર્ય હાથમાં લીધુ હતું. કેન્દ્રિત જવાબદારી દર્શાવતા ગ્રુપના કર્મચારીઓએ પણ રાજ્યની દુઃખી પ્રજા પરત્વે સહાનુભૂતી દાખવીને પોતાનો એક દિવસનો પગાર આપ્યો હતો. આ ઉપરાંત અદાણી ફાઉન્ડેશને મોબાઈલ હેલ્થકેર વાનની સેવા પણ પૂરી પાડી હતી. પૂરના પાણી ઓસરતા, આ પ્રદેશમાં આરોગ્યને લગતી ગંભીર સમસ્યા પણ ફેલાઈ હતી. મહામારીને ફેલાતી રોકવા માટે ડૉકટર, ફાર્માસિસ્ટ, સહાયક સ્ટાફ અને સામાજિક કાર્યકરોથી સજ્જ મોબાઈલ હેલ્થકેર વાન પણ આરોગ્ય સેવા માટે વિવિધ રાહત કેન્દ્રોમાં પૂરી પાડવામાં આવી હતી. ગ્રાઉન્ડ પરની ટીમે અત્યંત અસરગ્રસ્ત વિસ્તારોમાં અથાક કામ કરવાની સાથે રાહત સંકલન અને પૂર રાહત પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. સ્ટાફ અને સ્વયંસેવકોથી સામેલ ટીમે રાત્રે પણ નિર્જન સ્થળોએ પ્રવાસ કર્યો હતો અને હજ્જારો રિલીફ કીટનું વિતરણ કર્યું હતું જેમાં રેશન, વસ્ત્રો અને અન્ય જરૂરી પુરવઠાનો સમાવેશ થતો હતો. બાદમાં પણ રાહત છાવણીઓમાં પ્રયત્નો સતત રાખવામાં આવ્યા હતા. પૂરના પાણી એકવાર ઓસરી ગયા બાદ ઘરો, શાળાની ઈમારતો, હોસ્પિટલ બિલ્ડીંગ્સ અને મંદીરોમાં પણ મોટા પાયે સફાઈની જરૂરિયાત ઊભી થઈ હતી. દાણી ફાઉન્ડેશને આ કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે એક સમર્પિત ટીમની રચના કરી હતી. અદાણી ફાઉન્ડેશન કે જે અદાણી ગ્રુપની CSR, સસ્ટેનેબિલીટી અને કોમ્યુનિટી આઉટરીચ પાંખ છે તે ઓગસ્ટ ૨૦૧૮માં કેરળમાં આવેલા વિનાશક પૂર બાદ કેરળને ઊભુ કરવા માટે ભારત સરકાર દ્વારા જે ભંડોળ આપવામાં આવ્યું હતું તેના બાદની સૌથી વધુ યોગદાન આપનારી કંપની પૂરવાર થઈ છે.

## ફોર્ડ રૂ. ૧૧ કરોડ મૂલ્યનાં ઈનામો સાથે મેગા સેલ્સ કેમ્પેઈન મિડનાઈટ સરપ્રાઈઝ પાછી લાવી



ફોર્ડ ઈન્ડિયાએ આજે તેની મેગા સેલ્સ કેમ્પેઈન મિડનાઈટ સરપ્રાઈઝના પુનરાગમનની જાહેરાત કરી છે, જે ૭મી ડિસેમ્બરથી ૯મી ડિસેમ્બર સુધી ચાલવાની હોઈ ગ્રાહકોને રૂ. ૧૧ કરોડ મૂલ્યની ખાતરીદાયક ભેટો ઓફર કરશે.મિડનાઈટ સરપ્રાઈઝ તેના નવા અવતારમાં વધુ ભવ્ય બની છે. બધા ગ્રાહકો આ ત્રણ દિવસ દરમિયાન ફોર્ડ કાર બુક કરાવે તેની સાથે સ્ક્રેચ કાર્ડ મળશે, જે તેમને આ મહિનામાં તેમની કાર્સની ડિલિવરી પર ખાતરીદાયક ભેટો માટે હકદાર બનાવશે.મિડનાઈટ સરપ્રાઈઝ દરમિયાન કરવામાં આવેલી બુકિંગ્સ પર ભેટોમાં એલઈડી ટીવી, વોશિંગ મશીન્સ, હોમ થિયેટર સિસ્ટમ્સ, માઈક્રોવેવ ઓવન્સથી નવી પેઢીના આઈપેડ, આઈફોન એક્સ, રૂ. ૧૦૦,૦૦૦ મૂલ્યનાં ગોલ્ડ ગિફ્ટ વાઉચર અને પેરિસની સાત દિવસ, છ રાતની ટ્રિપ સહિત હોલીડે વાઉચર્સનો સમાવેશ થાય છે.આ ઓફર ફોર્ડના સંપૂર્ણ વાઈબ્રન્ટ, ફીચર સમૃદ્ધ અને પૈસા વસૂલ પ્રોડક્ટ પોર્ટફોલિયો પર લાગુ થશે, જેમાં ફોર્ડ ફિગો, ન્યૂ ફોર્ડ એસ્પાયર, ફોર્ડ ફ્રીસ્ટાઈલ, ફોર્ડ ઈકોસ્પોર્ટ, ફોર્ડ એન્ડિવરનો સમાવેશ થાય છે. ડિસેમ્બરમાં ફોર્ડ કારની ડિલિવરી લેનારા ગ્રાહકો આપોઆપ બમ્પર પ્રાઈઝ તરીકે નવીનક્કોર ફોર્ડ ફિગો સાથે લકી ડ્રો માટે પાત્ર બનશે.બમ્પર પ્રાઈઝના વિજેતાઓ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૯ના જાહેર કરાશે. આ અવસરની ઉજવણી કરવા માટે ફોર્ડ ઈન્ડિયાની દેશભરમાં ડીલરશિપ સવારે ૯થી મધરાત સુધી ચાલુ રહેશે, જેથી ગ્રાહકો તેમની મનગમતી ફોર્ડ ટેસ્ટ ડ્રાઈવ અને બુક કરવાનું વધુ સુવિધાજનક છે.

ખેલફલક
જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

# તમામ ફોર્મેટમાંથી આખરે ગૌત્તમ ગંભીર નિવૃત્ત થયો




**ગૌત્તમ ગંભીરે ૫૮ ટેસ્ટ અને ૧૪૭ વનડે મેચો રમી છે**

બે વર્ષથી ટીમ ઈન્ડિયાની બહાર રહેલા ભારતીય ઓપનિંગ બેટ્સમેન ગૌત્તમ ગંભીરે આખરે આજે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી હતી. ગૌત્તમ ગંભીરે પોતાના ફેસબુક એકાઉન્ટ પર એક વિડિયો શેયર કરીને આ અંગેની જાહેરાત કરી હતી. ગૌત્તમ ગંભીરે કહ્યું છે કે, ખુબ મુશ્કેલ સમયમાં તે આ નિર્ણય કરી શક્યો છે. મુશ્કેલ નિર્ણય હંમેશા ટેન્શનમાં કરવામાં આવે છે. ૨૦૧૧માં વનડે ક્રિકેટ વર્લ્ડકપ જીતનાર ભારતીય ટીમના મેચના હિરો રહેલા ગૌત્તમ ગંભીરે કેરિયરમાં ૫૮ ટેસ્ટ મેચો અને ૧૪૭ વનડે મેચો રમ્યો છે. દિલ્હીના આ ખેલાડીએ ભારત માટે છેલ્લી વખત ટેસ્ટ મેચ ઈંગ્લેન્ડની સામે નવેમ્બર ૨૦૧૬માં રમી હતી. **અનુસંધાન પાના નં.૬ ઉપર**



## આઈસીસી ટેસ્ટ રેક્કિંગ: કોહલી પ્રથમ સ્થાને યથાવત, રબાડા નંબર-૧ બોલર






ભારતીય કેપ્ટન વિરાટ કોહલી ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ચાર મેચોની મહત્વપૂર્ણ ટેસ્ટ સિરીઝ પહેલા આઈસીસી ટેસ્ટ બેટ્સમેનોના રેક્કિંગમાં ટોપ પર યથાવત છે જ્યારે સાઉથ આફ્રિકાના કાગિસો રબાડા ફરીથી વિશ્વનો નંબર એક ટેસ્ટ બોલર બની ગયો છે.

આઈસીસીએ બુધવારે જાહેર કરેલા રેક્કિંગ અનુસાર કોહલીના ૯૩૫ પોઈન્ટ છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ તે પોતાના રેટિંગમાં સુધાર કરવાનો પ્રયત્ન કરશે. કોહલીના ટોપ રેક્કિંગમાં હાલ કોઈ ખતરો નથી કારણ કે બીજા નંબર પર રહેલ સ્ટીવ સ્મિથ (૯૧૦)નો પ્રતિબંધ હટ્યો નથી અને તે આગામી સિરીઝમાં રમશે નહીં. તેના રેટિંગ ૯૦૦ પોઈન્ટથી નીચે જવાની સંભાવના છે.

બોલરોના રેક્કિંગમાં ફેરફાર થયો અને રબાડા ફરીથી નંબર વન બોલર બની ગયો છે. તેણે ઈંગ્લેન્ડના જેમ્સ એન્ડરસનની જગ્યા લીધી જે શ્રીલંકા સામેની અંતિમ ટેસ્ટ મેચમાં ટીમમાંથી બહાર હતો. તેનાથી એન્ડરસનને નવ રેટિંગ પોઈન્ટનું નુકસાન થયું અને તે રબાડાથી આઠ પોઈન્ટ પાછળ છે.

પાકિસ્તાનને ન્યૂઝીલેન્ડને બીજા ટેસ્ટ મેચમાં હરાવ્યા બાદ જાહેર થયેલા રેક્કિંગમાં ભારતીય ઓફ સ્પિનર અશ્વિન પણ સાતમાં સ્થાને પહોંચી ગયો છે. રવિન્દ્ર જાડેજા (પાંચમાં) હજુપણ ભારતનો નંબર એક બોલર છે. પાકિસ્તાનના યાસિર શાહે ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ૧૪ વિકેટ ઝડપવાના દમ પર નવ સ્થાનની

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ભારત - ઓસ્ટ્રેલિયા ટેસ્ટ સિરીઝનું સમગ્ર શિડ્યુલ જાહેર



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર મેચોની સિરીઝની પ્રથમ મેચ ૬ ડિસેમ્બરથી એડિલેડમાં રમાશે. આ સિરીઝની પ્રશંસકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ઓસ્ટ્રેલિયાને ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝ હરાવવાનું સપનું સાકર થવાની આ સારી તક છે. કારણ કે, તેમના બે મહત્વના ખેલાડી સ્ટિવ સ્મિથ અને ડેવિડ વોર્નર પર એક વર્ષનો પ્રતિબંધ લાગ્યા બાદથી જ ઓસ્ટ્રેલિયાનું ટેસ્ટમાં પ્રદર્શન કંઈ ખાસ રહ્યું નથી. બંન્ને ખેલાડીઓ બોલ ટેમ્પરિંગ મામલામાં એક-એક વર્ષનો પ્રતિબંધ લાગેલો છે. એવામાં માનવમાં આવી રહ્યું છે કે, ભારત પાસે આ વખતે ઓસ્ટ્રેલિયાને ઓસ્ટ્રેલિયામાં હરાવવાની સારી તક છે. ભારતીય પ્રશંસકોની આશા છે કે, વર્ષોથી સંજોવેલું આ સપનું હવે સાકાર થઈ શકે છે. ૬-૧૦ ડિસેમ્બર, પ્રથમ ટેસ્ટ મેચ, એડિલેડ ઓવલ, સવારે ૫:૩૦ વાગ્યાથી (ભારતીય સમયાનુસાર) ૧૪-૧૮ ડિસેમ્બર, બીજી ટેસ્ટ મેચ, પર્થ સ્ટેડિયમ, સવારે ૭:૫૦ વાગ્યાથી (ભારતીય સમયાનુસાર) ૨૬-૩૦ ડિસેમ્બર, ત્રીજી ટેસ્ટ મેચ, મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ, સવારે ૫:૦૦ વાગ્યાથી (ભારતીય સમયાનુસાર) ૩-૭ જાન્યુઆરી: ચોથી ટેસ્ટ મેચ, સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ, સવારે ૫:૦૦ વાગ્યાથી (ભારતીય સમયાનુસાર)

બંન્ને ટીમો આ પ્રકારે છે : ભારત: વિરાટ કોહલી, મુરલી વિજય, કેએલ રાહુલ, પૃથ્વી શો, ચેતેશ્વર પૂજારા, અજિંક્ય રહાણે, હનુમા વિહારી, રોહિત શર્મા, રીષભ પંત, પાર્થિવ પટેલ, રવિ અશ્વિન, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, મોહમ્મદ શામી, ઈશાંત શર્મા, ઉમેશ યાદવ, જસ્પ્રીત બૂમરાહ, ભુવનેશ્વર કુમાર. ઓસ્ટ્રેલિયા: ટિમ પેન, પેટ કમિન્સ, એરોન ફિંચ, પીટર હેન્ડસકોમ, માર્કસ હૈરિસ, જોશ હેઝલવૂડ, ટ્રૈવિસ હેડ, ઉસ્માન ખ્વાજા, નાથન લિયોન, મિશેલ માર્શ, શોન માર્શ, પીટર સિડલ, મિશેલ સ્ટાર્ક, ક્રિસ ટરમેન.

**ટીમ સ્પીરીટ**

## સ્પોર્ટસ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં જ ગુજરાતના કયા ખેલાડીએ આંતર રાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી ?

૨. ૨૦૧૮ હોકી વર્લ્ડકપ માટેની ભારતીય હોકી ટીમના કેપ્ટન કોણ હતા ?

૩. હાલમાં જ મેન્સ ટેનીસ પ્લેયર્સની સર્વોચ્ચ સંસ્થા એટીપી દ્વારા 'કમબેક પ્લેયર ઓફ ધ યર' નો એવોર્ડ કયા ખેલાડીને એનાયત કરવામાં આવ્યો હતો ?

૪. હાલમાં જ મેન્સ ટેનીસ પ્લેયર્સની સર્વોચ્ચ સંસ્થા એટીપી દ્વારા 'ફેન્સ ફેવરીટ પ્લેયર' નો એવોર્ડ કયા ખેલાડીને એનાયત કરવામાં આવ્યો હતો ?

૫. હાલમાં જ મેન્સ ટેનીસ પ્લેયર્સની સર્વોચ્ચ સંસ્થા એટીપી દ્વારા 'સ્પોર્ટસમેન શીપ એવોર્ડ' કયા ખેલાડીને એનાયત કરવામાં આવ્યો હતો ?

૬. ૨૦૧૮ મેન્સ હોકી વર્લ્ડકપનું મેસ્કોટ શું છે ?

૭. હાલમાં જ કઈ ટીમે ત્રીજીવાર વિજય હઝારે ટ્રોફી જીતી હતી ? કઈ ટીમને હરાવીને ?

૮. હાલમાં જ મેન્સ ટેનીસમાં સીઝનની અંતીમ ટુર્નામેન્ટ 'એટીપી વર્લ્ડ ટુર ફાઈનલ્સ' માં કયા ખેલાડીએ લીગ રાઉન્ડસમાં રોજર ફેડરરને હરાવીને મેજર અપસેટ સર્જ્યો હતો ?

૯. ઓસ્ટ્રેલીયાએ કોહલીના ધરખમ ફોર્મ સામે સાવધ રહેવું પડશે હાલમાં જ આ વિધાન કોણે કર્યુ હતું ?

૧૦.હાલમાં ટેસ્ટ રેન્કીંગમાં તેમજ વન-ડે રેન્કીંગમાં પ્રથમ સ્થાન ધરાવનાર ખેલાડી કોણ ?

૧૧.હાલમાં જ ૧૦ મી વીમેન્સ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પીયનશીપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૧૨.૧૦ મી વીમેન્સ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પીયનશીપમાં ભારતે કેટલા મહીલા બોકસરોની ટીમ સ્પર્ધામાં ઉતારી હતી ?

૧૩.હાલમાં જ કયા ભારતીય ખેલાડીએ બિલીયર્ડની ૧૫૦ ફોર્મેટની ચેમ્પીયનશીપમાં સતત ત્રીજી વખત વર્લ્ડ ટાઈટલ જીતી ઈતિહાસ રચી દીધો હતો ?

જવાબ:

૧.હાલમાં જ ગુજરાતના ભરૂચના મુનાફ પટેલ નામના ખેલાડીએ આંતર રાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

૨. ૨૦૧૮ હોકી વર્લ્ડકપ માટેની ભારતીય હોકી ટીમના કેપ્ટન મનપ્રીતસીંઘ હતા.

૩. હાલમાં જ મેન્સ ટેનીસ પ્લેયર્સની સર્વોચ્ચ સંસ્થા એટીપી દ્વારા 'કમબેક પ્લેયર ઓફ ધ યર' નો એવોર્ડ સર્બિયાના નોવાક યોકોવિચ નામના ખેલાડીને એનાયત કરવામાં આવ્યો હતો.

૪. હાલમાં જ મેન્સ ટેનીસ પ્લેયર્સની સર્વોચ્ચ સંસ્થા એટીપી દ્વારા 'ફેન્સ ફેવરીટ પ્લેયર' નો એવોર્ડ સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરર નામના ખેલાડીને એનાયત કરવામાં આવ્યો હતો.

૫. હાલમાં જ મેન્સ ટેનીસ પ્લેયર્સની સર્વોચ્ચ સંસ્થા એટીપી દ્વારા 'સ્પોર્ટસમેન શીપ એવોર્ડ' સ્પેનના રફેલ નડાલ નામના ખેલાડીને એનાયત કરવામાં આવ્યો હતો.

૬. ૨૦૧૮ મેન્સ હોકી વર્લ્ડકપનું મેસ્કોટ ઓલી કાચબો છે.

૭. હાલમાં જ મુંબઈની ટીમે દીલ્હીની ટીમને હરાવીને ત્રીજીવાર વિજય હઝારે ટ્રોફી જીતી હતી.

૮. હાલમાં જ મેન્સ ટેનીસમાં સીઝનની અંતીમ ટુર્નામેન્ટ 'એટીપી વર્લ્ડ ટુર ફાઈનલ્સ' માં જાપાનના નીશીકોરી નામના ખેલાડીએ લીગ રાઉન્ડસમાં રોજર ફેડરરને હરાવીને મેજર અપસેટ સર્જ્યો હતો ?

૯. ઓસ્ટ્રેલીયાએ કોહલીના ધરખમ ફોર્મ સામે સાવધ રહેવું પડશે હાલમાં જ આ વિધાન ઈંગ્લેન્ડના ભુતપૂર્વ કેપ્ટન માઈએ કર્યું હતું.

૧૦.હાલમાં ટેસ્ટ રેન્કીંગમાં તેમજ વન-ડે રેન્કીંગમાં પ્રથમ સ્થાન ધરાવનાર ખેલાડી ભારતના વિરાટ કોહલી છે.

૧૧.હાલમાં જ ૧૦ મી વીમેન્સ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પીયનશીપનું આયોજન ભારતમાં નવી દિલ્હી મુકામે કરવામાં આવ્યું હતું.

૧૨.૧૦ મી વીમેન્સ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પીયનશીપમાં ભારતે ૧૦ મહીલા બોકસરોની ટીમ સ્પર્ધામાં ઉતારી હતી.

૧૩.હાલમાં જ પંકજ અડવાણી નામના ભારતીય ખેલાડીએ બિલીયર્ડની ૧૫૦ ફોર્મેટની ચેમ્પીયનશીપમાં સતત ત્રીજી વખત વર્લ્ડ ટાઈટલ જીતી ઈતિહાસ રચી દીધો હતો.

**-ડો.પી.ડી.શર્મા**
**(અમદાવાદ)**

# ટી-૨૦ વુમેન વર્લ્ડકપમાં સદી લગાવનાર પ્રથમ વુમેન હરમનપ્રીત કૌર




મહિલા ટી-૨૦ ક્રિકેટમાં ભારતીય ટીમે ન્યુઝીલેન્ડ વિરૂધ્ધ પાંચ વિકેટે ૧૯૪ રન નોંધાવ્યા ત્યારે આ પ્રકારની ક્રિકેટ મેચમાં એક નવો જ વિક્રમ નોંધાયો હતો.આ પહેલા ભારતીય ટીમે ચાર વિકેટે ૧૯૧ રન ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૮ મી માર્ચ ૧૯૮૯ ના રોજ નોંધાવ્યા હતા.

હરમનપ્રીત કૌરનું પુરૂં નામ છે. હરમનપ્રીત કૌર ભુલ્લાર પંજાબના મોગામાં ૮ મી માર્ચ ૧૯૮૯ ના રોજ જન્મેલ હરમનપ્રીત કૌર જમોડી બેસ્ટવુમેન અને જમોડી ઓફ બ્રેક બોલર છે.નેશનલ ક્રિકેટ ટીમમાં જોડાયા હતા. આજની ભારતીય વુમેન ક્રિકેટ ટીમના કેપ્ટન છે. હરમનપ્રીત કૌરને ૨૦૧૭ માં મીનીસ્ટ્રી ઓફ અફેર્સ એન્ડ સ્પોર્ટસ (ભારત) તરફથી અર્જુન એવોર્ડ પ્રાપ્ત થયો છે.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે ૨૦૧૮ ના ટી-૨૦ વર્લ્ડકપની સૌ પ્રથમ મેચમાં ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ ઐતિહાસિક સદી નોંધાવી છે. હરમને ૫૧ બોલમાં ૧૦૩ રન ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. ૧૦-૧૧-૧૮ ના રોજ ગુયાના ખાતે ન્યુઝીલેન્ડ વિરૂદ્ધની મેચમાં માત્ર ૪૯ બોલમાં સદી પુરી કરી હતી વિમેન્સ ટી-૨૦ ના ઈતિહાસમાં ભારત તરફથી સૌ પ્રથમ સદી નોંધાવતા હરમનપ્રીત કૌરે ૭ ચોગ્ગા અને ૮ સિકસર લગાવી હતી.

**ખેલના મેદાનમાંથી**
**કમલેશ કંસારા**

હરમનપ્રીત કૌરે તૌફાની સદી નોંધાવતાં મહિલા ક્રિકેટમાં રેકોર્ડની વણઝાર સર્જી હતી. હરમનપ્રીત કૌર પહેલાં કોઈપણ ભારતીય મહિલા ક્રિકેટર ટી-૨૦ ફોર્મેટમાં સદી નોંધાવી નથી. આ સદી પહેલાં હરમનપ્રીત કૌરનો સૌથી વધુ રનનો જુમલો ૭૭ નો હતો.

વેસ્ટ ઈન્ડીઝની ડેન્ડ્રા ડોટીન અને ઓસ્ટ્રેલિયાની મેગ લેનીંગ બાદ ટી-૨૦ વર્લ્ડકપમાં સદી લગાવનાર હરમનપ્રીત કૌર ત્રીજી મહિલા ક્રીકેટર બની છે. જ્યારે વિશ્વના રમતા તમામ દેશો તરફથી ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચમાં સદી લગાવનાર હરમનપ્રીત કૌર નવમી મહિલા ક્રિકેટર છે.

હરમનપ્રીત કૌરે પોતાની સદી માત્ર ૪૯ બોલમાં પુરી કરી હતી. સૌથી ઓછા બોલમાં સદી લગાવનાર આ પહેલા ડેન્ડ્રા ડોટીન ૩૮ બોલ ઈંગ્લેન્ડની ટેમી બ્યુમોન્ટ ૪૭ બોલ બાદ ત્રીજી ઝડપી સદી લગાવનાર મહિલા ક્રીકેટર બની છે.

હરમનપ્રીત કૌર અને જેમીમા રોડ્રીગ્ઝે વચ્ચે ચોથી વિકેટની ૧૩૪ રનની ભાગીદારી નોંધાઈ હતી. જે ભારતીય ટી-૨૦ મહિલા ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચમાં રેકોર્ડ ભાગીદારી બની છે.આ પહેલાં પુનમ રાઉટ અને ટી.કામીનીએ ૧૩૦ રનની ભાગીદારી નોંધાવી હતી. મહિલા ટી-૨૦ ઈન્ટર નેશનલ મેચમાં સદીની ભાગીદારીની વાત કરીએ તો આ સાતમી સૌથી મોટી ભાગીદારી બની છે.

હરમનપ્રીત કૌરે ૧૩ ઓગષ્ટ ૨૦૧૪ માં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ટેસ્ટમાં ૭ મી માર્ચ ૨૦૦૯ ના રોજ પાકિસ્તાન સામે વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં તથા ૧૧ મી જુન ૨૦૦૯ ના રોજ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ટી-૨૦ માં પ્રવેશ મેળવ્યો હતો.તાજેતરમાં ૨૦૧૮ ની રમાતો ટી-૨૦ વુમેન વર્લ્ડકપ મેચમાં ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી મેચ સુધી હરમનપ્રીત કૌરે ૬૮-ટી-૨૦ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં કુલ ૧૨૨૩, રન ૨૪.૯૫ ની એવરેજથી નોંધાવ્યા છે. જેમાં ૧ સદી અને ૪ અર્ધી સદીનો સમાવેશ થાય છે.

**કમલેશ કંસારા**

### શ્રેણીનો વિસ્તૃત કાર્યક્રમ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે હવે ટેસ્ટ શ્રેણીની શરૂઆત થઇ રહી છે. આ ટેસ્ટ શ્રેણીમાં ધરખમ દેખાવ કરવા માટે વિરાટ કોહલી એન્ડ કંપની સંપૂર્ણપણે તૈયાર છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેસ્ટ શ્રેણીની શરૂઆત છઠ્ઠી ડિસેમ્બરના દિવસે થઇ રહી છે. જાણકાર લોકો માની રહ્યા છે કે કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ વધારે મજબુત દેખાઇ રહી છે અને તે ઓસ્ટ્રેલિયાને હરાવવામાં સફળ સાબિત થશે. ટ્વેન્ટી મેચોની શ્રેણી બરોબર રહ્યા બાદ હવે બંને દેશો ટેસ્ટ ક્રિકેટમાં પોતાની કુશળતા સાબિત કરવા માટે તૈયાર છે. ટેસ્ટ શ્રેણી બાદ બંને દેશો વચ્ચે વનડે શ્રેણી પણ રમાનાર છે. શ્રેણીનો કાર્યક્રમ નીચે મુજબ છે.

૬-૧૦ ડિસેમ્બરે એડિલેડમાં પ્રથમ ટેસ્ટ
૧૪-૧૮ ડિસેમ્બરે પર્થમાં બીજી ટેસ્ટ
૨૬-૩૦ ડિસેમ્બરે મેલબોર્નમાં ત્રીજી ટેસ્ટ
૩-૭ જાન્યુઆરીએ સિડનીમાં ચોથી ટેસ્ટ
૧૨મી જાન્યુઆરીએ સિડનીમાં પ્રથમ વનડે
૧૫મી જાન્યુઆરીએ એડિલેડમાં બીજી વનડે
૧૮મી જાન્યુઆરીએ મેલબોર્નમાં ત્રીજી વનડે

# ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ મેચ માટે અમારી બોલિંગ મજબૂત : ચેતેશ્વર પૂજારા

**ટર્નીંગ પોઈન્ટ**




ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી ટેસ્ટ બેટ્સમેન ચેતેશ્વર પૂજારાને ખાતરી છે કે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પ્રથમ ટેસ્ટ મેચ માટે ટીમની બોલિંગ સંપૂર્ણ રીતે તૈયાર છે. વેબસાઈટ ઈએસપીએનના રિપોર્ટ અનુસાર ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે ચાર ટેસ્ટ મેચોની સિરીઝ છ ડિસેમ્બરથી થઈ રહી છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયા ઈલેવને ચાર મેચોની ટેસ્ટ સિરીઝ પહેલા રમાયેલા અભ્યાસ મેચમાં ભારતીય ટીમ વિરુદ્ધ પ્રથમ ઈનિંગમાં ૫૪૪ રન ફટકારી દીધા હતા. તેવામાં ભારતીય બોલિંગ પર ઉઠેલા સવાલો પર પૂજારાએ કહ્યું કે, તે ટેસ્ટ મેચ ન હતો અને તેથી ટીમ તેને લઈને ચિંતામાં નથી.

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ છ ડિસેમ્બરથી શરૂ થઈ રહેલા ટેસ્ટ મેચ પહેલા પૂજારાએ કહ્યું, તે ટેસ્ટ મેચ ન હતી અને તેથી અમે તેને લઈને ચિંતામાં નથી. અમારા બોલર જાણે છે, તેને શું કરવાનું છે. હું તેમની યોજના વિશે જણાવી શકું નથી, પરંતુ તે ઓસ્ટ્રેલિયામાં બોલિંગની પરિસ્થિતિઓથી અજાણ નથી. ઘણા ખેલાડીઓએ ૨૦૧૪-૧૫ની સિઝન અહીં રમી છે અને તેવામાં અમને અમારા બોલરો પર વિશ્વાસ છે.

ટીમના એક સૌથી અનુભવી સ્પિન બોલર રવિચંદ્રન અશ્વિન વિશે પૂજારાએ કહ્યું, મેં હંમેશા કહ્યું કે, તે એક ચાલાક બોલર છે અને બેટ્સમેનોના મગજને વાંચવાનું જાણે છે. જો તમે તેની હાલની બોલિંગ જુઓ તો તમને સમજાશે કે તેમાં ઘણો ફેરફાર થયો છે.

# મેગ્નસ કાર્લસે જીત્યો વિશ્વ ચેસ ચેમ્પિયનશિપનો ખિતાબ



મેગ્નસ કાર્લસને વિશ્વના બીજા નંબરના ખેલાડી ફાબિયાનો કરૂઆનાને હરાવીને વિશ્વ ચેસ ચેમ્પિયનશિપ ૨૦૧૮નું ટાઇટલ જીતી લીધું છે. કાર્લસને ફાબિયાનો વિરુદ્ધ ત્રણ ટાઇબ્રેકર જીતીને આ ટાઇટલ પોતાના નામે કર્યું છે. ચેસના બાયસેટ પર પોતાના નામને વધુ એક સફળતાની ગાથા સાથે જોડતા વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસન ફરી એકવાર વિશ્વ ચેમ્પિયન બનીને સામે આવ્યો છે. પરંતુ કાર્લસન માટે ચેમ્પિયન બનવું એટલું સરળ ન રહ્યું પરંતુ તેના મગજની કસરતથી આ ખેલમાં પોતાને સર્વશ્રેષ્ઠ રીતે સામે રાખવામાં કાર્લસન અમેરિકી ખેલાડી ફાબિયાનો કરૂઆના પર ભારે પડ્યો હતો.

કાર્લસન માટે આ જીત એટલી મુશ્કેલ રહી તેનો અંદાજ આ વાતથી લગાવી શકાય કે ત્રણ સપ્તાહમાં ૫૦ કલાકથી વધુ સમય બાદ શતરંજ વિશ્વ ચેમ્પિયનશિપનો નિર્ણય ટાઈબ્રેકરના માધ્યમથી થયો હતો. આ બંન્ને ખેલાડીઓ વચ્ચે સતત ૧૨ બાજી ડ્રો રહી હતી. કાર્લસને ફાબિયાનો વિરુદ્ધ ત્રણ ટાઈબ્રેકર જીતીને આ ટાઇટલ તેના નામે કર્યું હતું.

જીત બાદ મૈગ્નસ કાર્લસને કહ્યું કે, એક શાનદાર ટક્કર માટે હું મારા વિરોધીનો આભાર વ્યક્ત કરુ છું. તેણે પોતાને એક મજબૂત ખેલાડી તરીકે સ્થાપિત કર્યો છે. તેને હરાવવો મુશ્કેલ રહ્યો પરંતુ જે રીતે મેચ પૂરી થઈ તેનાથી હું ખુબ ખુશ છું, પરંતુ હું માનું છું કે હજુ આપણે ફાબિયાનોની છેલ્લી રમત જોઈ નથી. પરંતુ ફાબિઆનો કૈરૂઆના પોતાની રમતથી અસંતુષ્ઠ લાગ્યો. તેણે કહ્યું, આજનો દિવસ સારો રહ્યો નથી. મૈગ્નસે સારી રમત રમી, મને સારી શરૂઆત ન મળી, ખાસ કરીને બીજી ગેમમાં. પરંતુ હા મેં મારી સર્વશ્રેષ્ઠ રમત ન રમી.

# વેસ્ટ ઈન્ડિઝનો ક્રિકેટર આર્ચર ઈંગ્લેન્ડ વતી રમશે ૨૦૧૯નો વર્લ્ડકપ

એક દેશનો ક્રિકેટર બીજા દેશની ટીમ માટે કઇ રીતે રમી શકે, અને તે પણ સત્તાવાર રીતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં. આ વાત થોડી અજુગતી લાગશે પણ બન્યુ છે એવુ કે હવે વેસ્ટ ઈન્ડિઝનો ક્રિકેટર જોફ્રા આર્ચર ઈંગ્લેન્ડની ટીમમાંથી રમવા જઇ રહ્યો છે.

જોફ્રા આર્ચર આગામી વર્ષે ઈંગ્લેન્ડમાં યોજાનારા વર્લ્ડકપ ૨૦૧૯ માટે ઈંગ્લેન્ડની ટીમમાંથી રમવાનો છે, એટલું જ નહીં એશિઝ સીરીઝમાં પણ ઈંગ્લેન્ડની ટીમનો ભાગ બની શકે છે. આર્ચરને આ મોકો ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઇસીબી) દ્વારા પોતાની ટીમમાં રમવાની યોગ્યતા વાળા નિયમમાં ફેરફાર કર્યા બાદ મળ્યો છે.

ઈસીબીની બેઠકમાં પોતાના રેશિડેન્શિયલ નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલા ઈંગ્લેન્ડની નેશનલ ક્રિકેટ ટીમમાં રમવા માટે ખેલાડીને સાત વર્ષ ઈંગ્લેન્ડમાં વિતાવવા પડતા હતા, જેને બોર્ડે ઓછા કરીને ત્રણ વર્ષ કરી દીધા છે.

આર્ચર ૨૦૧૫માં ઈંગ્લેન્ડ આવ્યો હતો અને ત્યારથી તે ઈંગ્લેન્ડની કાઉન્ટી સસેક્સમાં રમી રહ્યો છે. આર્ચર મૂળ વેસ્ટ ઈન્ડિઝના બાર્બાડોસનો નિવાસી છે. તેને વેસ્ટ ઈન્ડિઝ માટે અંડર-૧૯ વર્લ્ડકપ પણ રમ્યો હતો.

### શ્રી જલારામ યુવા...

અનુસંધાન ૨ નુ ચાલુ..

થવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી તથા વિવિધ સેવાકીય સંગઠનોનું પુષ્પગુચ્છ તથા જલારામ બાપાનો ફોટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સુંદર આયોજન જલારામ યુવા સંગઠન ડીસા દ્વારા પરીવારના મિત્રો રજનીભાઈ ઠક્કર, ધવલભાઈ ઠક્કર, આનંદભાઈ ઠક્કર, રમેશભાઈ ઠક્કર, આર.ડી.ઠક્કર, તુષારભાઈ ઠક્કર, મહેશભાઈ ઉદેચા, કમલેશભાઈ ઠક્કર, નીલેશભાઈ ઠક્કર, (કોર્પોરેટર) વૈકુંઠભાઈ ઠક્કર, જગદીશભાઈ ઠક્કર, નરેશભાઈ ઠક્કર તથા પરિવારના તમામ મિત્રો દ્વારા આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જે બદલ કનુભાઈ આચાર્ય તથા ભગવાનભાઈ બંધુએ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ આ સન્માન કરવા બદલ ચંદુભાઈ એ.ટી.ડી. (રાષ્ટ્રીય પારી તોષિક ચિત્ર શિક્ષક) તેમજ તમામ સંગઠનો દ્વારા શુભેચ્છા પાઠવાઈ હતી.

### દાંતીવાડા અને...

પાના નં .૩ ચાલુ

ભાભર રોડ, વાવ ખાતે સવારે-૧૦.૦૦ વાગ્યે રોજગાર/એપ્રેન્ટીશ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જોબ ફેરમાં ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ તેમના એકમમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે ભરતીમેળાના સ્થળે ઈન્ટરવ્યું લેવા માટે ઉપસ્થિત રહેશે.

કસ્ટમર કેર એક્ઝીક્યુટીવ, લાઇન ઓપરેટર, હેલ્પર/વર્કર, એપ્રેન્ટિશ ટ્રેઈની માટે જરૂરી લાયકાત ધરાવતા ધોરણ-૧૦ પાસ/ધોરણ-૧૨ પાસ/ ગ્રેજ્યુએટ/આઇ.ટી.આઇ. કરેલ ઉમેદવારો કે જેમની ઉંમર-૧૮ થી ૩૦ વર્ષની હોય. તેઓ ઉપર મુજબના જોબ ફેરમાં ભાગ લેવા માંગતા બનાસકાંઠા જિલ્લાના ઉમેદવારોને તેમની ઉંમર, જાતિ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલો, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ તેમજ બાયોડેટાની પુરતી નકલો સાથે સવારે-૯.૩૦ કલાકે ભરતી મેળા સ્થળેના સ્વખર્ચે હાજર રહી સમયસર રજીસ્ટ્રેશન કરાવી લેવા જણાવવામાં આવે છે.

### પાલનપુર બાળગૃહના...

પાના નં .૩ ચાલુ

તેના નવા માતા-પિતાને સોંપતા આનંદની લાગણી અનુભવું છું. તેમણે ચાઈલ્ડ વેલ્ફેર કમીટીને આવા સારા કામ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતાં. કલેકટરએ કહ્યું કે બાળક નક્ષના જીવન માટે આજનો દિવસ સોનેરી દિવસ છે. આજથી નક્ષની નવી જિંદગીનો પ્રારંભ થાય છે. બાળકને દત્તક લેનાર દંપતિને કલેકટરએ અભિનંદન પાઠવતાં કહ્યું કે તમારા ઘરે નક્ષ મોટો થઇને સારો, સંસ્કારી નાગરિક બની ખુબ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવું છું. કલેકટરએ આ સંસ્થા સાથે જોડાયેલ દાતાઓને પણ આવા સારા કાર્યમાં સહકાર આપવા બદલ અભિનંદન પાઠવી તેમના કાર્યોને બિરદાવ્યાં હતાં.

આ પ્રસંગે ચાઈલ્ડ વેલ્ફેર કમીટીના પ્રમુખ સુભાષભાઈ સોનેરી, સભ્ય પિનાકીનભાઈ ઓઝા, સમાજ સુરક્ષા અધિકારી હિતેષભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ખીમત ગામના...

પાના નં .૩ ચાલુ

જો કે આ શાળામાં છેલ્લા બે વર્ષથી પીવાનું પાણી આવતું ના હોઈ ગ્રામજનોની રજુઆતના પગલે પાણી પુરવઠા વિભાગ દવારા ખીતમ ગામથી વર્ણીયા પરા સુધી પાઈપ લાઈન નાખી શાળાના બાળકોની તરસ છીપાવવાનો પ્રયાસ કરાયો હતો. જોકે આ પાઈપ લાઈન ફિટ કર્યાના માત્ર પાંચ કે છ મહિના સુધી જ પાણી આવ્યા બાદ પાણી બંધ થઇ જતાં ફરી બાળકો પીવાના પાણી માટે વલખા મારવા લાગતાં શાળા પરિવારે ખીમત પંચાયતમાં રજુઆત કરી હતી.જેના પગલે આજે ખીમત ગ્રામ પંચાયતના સરપંચ,તલાટી તેમજ ગામના આગેવાનોએ સાથે મળી તપાસ હાથ ધરી હતી. જે દરમ્યાન આ પાઈપલાઈન વચ્ચે આવતા ખેતરોના માલિકો પાઈપ લાઈન તોડી તેમાંથી ગેરકાયદેસર રીતે પાણીની ચોરી કરી પિયત કરતા હોવાનું જાણવા મળ્યું હતું. તપાસ દરમ્યાન ખેતરોમાંથી ગેરકાયદેસરના પાણીના જોડાણ પણ મળી આવ્યા હતાં. વર્ણીયા શાળાના આચાર્યએ પણ આજે આ આખો મામલો પોતાની નજરે જોયો હતો. જોકે આ મામલે રજુઆત કરતા ખેતર માલિકો ઉશ્કેરાઇ ગયા હતા અને મામલો ઝપાઝપી સુધી પહોંચી ગયો હતો.

ખીમત ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સદસ્યોએ આજે આ શાળાથી ખીમત ગામ સુધીની પાઈપલાઈનની તપાસ કરતા કેટલાક ઈસમો મોટર લગાવી સિંચાઇ માટે પીવાના પાણીની ચોરી કરતા રંગેહાથ ઝડપાઇ ગયા હતા. કયાંક પાણીની પાઈપલાઈન તોડી પાણીનું કનેક્શન લઈ પાણીના મોટા ટાંકા ભરતા પણ નજરે પડ્યા હતા. આ મામલાને ગંભીરતાથી લઈ પંચાયતના તલાટી તેમજ સરપંચ દ્વારા પાણીની ચોરી કરતા ઈસમો સામે કાયદેસરની કાર્યવાહીની તજવીજ હાથ ધરાઈ છે જેથી અન્ય પાણી ચોરોમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે.બીજી બાજુ પંચાયત દ્વારા શાળાના બાળકો માટે હાથ ધરાયેલી આ કાર્યવાહીથી ગ્રામજનો પણ પંચાયતના કામની સરાહના કરી પાણી ચોરતા ઈસમો સામે કડક પગલાં લેવાય તેની પણ માંગ કરી રહ્યા છે.

### નલિયા ખાતે...

પાના નં .૩ ચાલુ

ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઇ છે ત્યારે શિયાળાની ઠંડીપ્રેમી નાગરિકો ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે. મોટાભાગના લોકો મોડી રાત્રે ગરમ વસ્ત્રોમાં પણ નજરે પડવા લાગી ગયા છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. લઘુતમ અને મહત્તમ તાપમાનમાં હાલ ફેરફાર નહીં થાય તેમ માનવામાં આવે છે. આજે સવારે પણ ઠંડી નોંધાઇ હતી. જો કે બપોરના ગાળામાં સુર્યપ્રકાશ રહેતા લોકો મિશ્ર સિઝનનો અનુભવ કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ હવે ઠંડીનો અનુભવ થવા લાગી ગયો છે. વિશેષ કરીને સવારમાં વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થશે નહીં. જો કે, નલિયામાં ગઇકાલની સરખામણીમાં આજે ઉલ્લેખનીયરીતે ઘટ્યો હતો. હજુ નલિયામાં પારો ગગડે તેવા સંકેત છે. અમદાવાદમાં પારો આવતીકાલે વધુ ઘટે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ઠંડીની શરૂઆત થતા ફિટનેસ જાળવવા માટેનો આ સર્વશ્રેષ્ઠ ગાળો હોવાથી જરૂરી નિષ્ણાતોની મદદ લેવાઈ રહી છે. લઘુત્તમ તાપમાન આગામી બે ત્રણ દિવસ દરમિયાન બે-ત્રણ ડિગ્રી સુધી ઘટવાના સંકેત છે.

### ભાજપ સરકારમાં...

પાના નં .૮ ચાલુ

નગરપાલિકા સુધારા અધિનિયમ ૧૯૬૩ તા.૨૪/૫/૨૦૧૮ ના ખાસ ગેઝેટ નં.૧૨ થી નગરપાલિકાની સામાન્ય સભામાં મળેલ ઠરાવમાં હસ્તક્ષેપ કરવો ઉચિત ન જણાતા પ્રાદેશિક કમિશ્નર વિશાલ ગુપ્તાએ તેમની અરજી નામંજુર કરી દીધી હતી. જોકે આ હુકમ સામે તેઓ ગુજરાત નગરપાલિકા અધિનિયમ - ૧૯૬૩ ની કલમ - ૨૫૮ હેઠળની પેટા કલમ - ૩ હેઠળ સક્ષમ અધિકારી સમક્ષ દિન - ૩૦ માં અપીલ કરી શકશે તેવી સ્પષ્ટતા પણ કરી હતી.

પરંતુ પાલિકાનો આંતરિક વિખવાદ વધુ એકવાર બહાર આવતા શહેરમાં ભરશિયાળે ગરમાવો છવાયો છે અને સદાય ભાજપ સાથે રહેતા ઠકકર સમાજે ડીસાના તેઓના એકમાત્ર કોર્પોરેટર અને અગ્રણીને આ રીતે દુર કરાતાં આક્રોશ ઠાલવ્યો હતો અને આગામી લોકસભાની ચૂંટણીમાં આની દુરોગામી અસરો પડશે તેવું જણાવ્યું હતું. ભાજપનો આંતરીક વિખવાદ ચરમસીમાએ આવતાં આવનાર સમયમાં પાર્ટીને નુકશાન થાય તેવું દેખાઈ રહ્યું છે.

### દાંતીવાડા પાસે...

પાના નં .૮ ચાલુ

કાર્યવાહી કરવામાં આવતી, વારંવાર ક્વોરીઓ બંદ કરવવાની માંગ કરતાં ખેડૂતોને અહી ગેરકાયદેસર ક્વોરીઓ ચલાવતા અસમાજિક તત્વો દ્વારા આગેવાન ખેડૂતો સામે ખોટી રીતે પોલીસ ફરિયાદ કરવામાં આવીને પરેશાન કરવામાં આવી રહ્યા હોવાના પણ ખેડૂતોએ આક્ષેપો કર્યા છે. આ ઉપરાંત ખેડૂતોએ આક્ષેપ કર્યા છે કે અધિકારીઓની રહેમ નજર હેઠળ આ ડમ્પર ચાલકો ઓવરલોડ રેતી ભરીને ગેરકાયદેસર ચાલે છે.

આ અંગે સ્થાનિક ખેડૂત આગેવાન ખેતાજી સોલંકી એ જણાવ્યું હતું કે સ્થાનિક ખેડૂતો વર્તમાન સમયમાં અહી ચાલી રહેલી ક્વોરીઓને લઈ પરેશાન થઈ ઉઠ્યા છે અમે ખેતરો માં ઉભેલા પાકને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે ત્યારે હવે ડીસાના મામલતદાર આ અંગે કોઈ કાર્યવાહી નહી કરે અમે ઉગ્ર આંદોલન કરીશું

### વાવના છેવાડાના...

પાના નં .૮ ચાલુ

વ્યાજે પૈસા લાવીને ખર્ચ કરેલ છે. બીજી બાજુ ઘાસચારની અછત છે. જેના કારણે જીવનવ્યવહાર ટકાવી રાખવું પણ મુશ્કેલ બન્યું છે. નર્મદાના અધિકારીઓ દ્વારા નહેર તુટવાની દહેશતથી થરાદના વામી ગામથી જ પાણીનો કાપ મુકે છે જેને કારણે છેવાડાના ગામો સુધી પાણી પહોંચી શકતું નથી. આથી રેગ્યુલર પાણી છોડવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

### સૂઈગામ મામલતદાર..

પાના નં .૮ ચાલુ

મામલતદાર કચેરી ખાતે ઈન્ચાર્જ મામલતદાર તરીકે પ્રવીણદાન ગઢવીને ચાર્જ સુપ્રત કરાયો છે. ઓમ માત્ર-૬ માસના ટૂંકાગાળામાં એટલે કે તા.૩૦/૬/૧૮ થી તા.૫/૭/૧૮ ના ૬ માસના સમયગાળા દરમ્યાન સૂઈગામ મામલતદાર કચેરી ૭ ઈન્ચાર્જ મામલતદારોના હવાલે ગઈ જેવી વિકાસ કામો પર વિપરીત અસરો પડે છે જેથી જિ.કલેક્ટર સૂઈગામ ખાતે કાયમી ધોરણે મામલતદારની નિમણૂંક કરે તે જરૂરી છે જેથી પ્રજાને વહીવટી અને વિકાસના કાર્યોમાં હાલાકી ન પડે.

### ડીસા બનાસ..

પાના નં .૮ ચાલુ

ગઠિયાને પકડી સકી નથી. પાકીટમાં ૯૦૦૦ હજાર રૂપિયા રોકડ તથા બેન્કના જરૂરી દસ્તાવેજો તથા પરિવારના આધાર કાર્ડ તથા પાનકાર્ડ સહિતની વસ્તુઓની ગઠિયો ધોળા દિવસે ઈનોવા ગાડીના કાચ તોડીને લઈને ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ઉત્તર પોલીસે હાથ ધરી હતી.

### ડીસા તાલુકાના..

પાના નં .૮ ચાલુ

કરવા લાગ્યા છે. મતલબ સંસ્થાના સંચાલકો અને અધિકારીઓ સાંઠગાંઠના કારણે સરકારની મહત્વાકાંક્ષી યોજના નિષ્ફળ નિવડી છે. જેની જિલ્લા વિકાસ અધિકારી દ્વારા નિષ્પક્ષ અને તટસ્થ તપાસ કરાય તો ફરી મસમોટા શૌચાલય કૌભાંડ સાથે અન્ય ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે.

### અમીરગઢ પોલીસ..

પાના નં .૮ ચાલુ

જે સમયે ઋષિકેશ ઉપાધ્યાય (ના.પો. અધિક્ષક ડીસા), એ.એમ.પરમાર (નશા અને આબ. અધિક્ષક પાલનપુર), કે.એન. ચાવડા, (સબ. ડી.વી. મે.જી.દાંતા) તથા બી.આર. પટેલ (પો.સબ.ઈન્સ.અમીરગઢ) સહિત પોલિસ બંદોબસ્ત વચ્ચે દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

### ડીસા તાલુકામાં..

પાના નં .૮ ચાલુ

ડીસા પંથકમાં ઠંડીનું પ્રમાણ વધતા ખેતીના ઉભો પાક પણ ખીલી રહ્યો છે જો યોગ્ય હવામાન મળી રહે તો ખેતીના પાકોનું ખુબ સારૂ ઉત્પાદન ખેડુતોને મળી શકે છે. પણ અત્યારે ઠંડી વધતા ડીસા તાલુકામાં ૭૪૯૬૧ હજાર હેક્ટર જમીનમાં થયેલા વાવેતરને ફાયદો રહ્યો છે.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૭૫૦૦-૩૮૦૦૦**
રૂપુ કાચું **૩૭૫૦૦-૩૮૦૦૦**
સોનુ તોલો ૩૧૫૦૦-૩૧૮૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૯૯૦**
પામોલીન ૯૭૦
સોયા રીફાઈન ૧૩૬૦-૭૦
રાયડાતેલ ૧૫કી.૧૩૬૦
**સીંગતેલ૧૫ કી. ૧૭૦૦-૧૭૨૦**
સીંગતેલ ૧૫ લી.૧૬૦૦
**સીગતેલ ૫ લી. ૫૩૫**
તિરૂપતી કપા. ૧૨૮૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦
૫ કે. કોપરેલ ૮૮૦
૫લી. અંકુર સીંગતેલ ૫૨૫
**૧૫ લીટર સનફલાય ૧૩૫૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૫૦
૫ લી. ૪૧૮
૨ લી. ૧૭૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૬૦૦૦
કીચન ચેમ્પીયન મોગર ૫૫૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૬૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦
દાવત સ્પેસીયલ ૮૦૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૮૦૦૦
દાવત દિલખુશ ૮૦૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૨૦૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૦૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૧૦૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૪૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૭૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૭૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૫૦૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૮૨૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૪૦૦
હેરીટેજ તીબાર ૮૫૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૮૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૭૪૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦

દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૮૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૭૨૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ.** ૩૨૫૦-૩૩૦૦
**ખાંડ એમ.** ૩૨૫૦-૩૩૮૦
ખાંડએલ. ૩૫૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૨૦૦
જીરાળુ ૧૭૬૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૬૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૬૦૦
**પરચુરણ**
સોજી ૯૨૫
મેંદો ૯૦૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૦૦૦
ખાંડ બુરૂ ૪૫૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૫૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૨૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
**દુધી ૧૮૦-૨૨૦**
સુકી ડુંગળી ૨૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૫૦૦-૮૦૦
મરચાં ૧૮૦-૨૦૦
લીંબુ ૫૦૦-૭૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦
રીંગણ ૨૦૦-૨૬૦
ટામેટા ૧૪૦-૨૦૦
**ભીંડા ૮૦૦**
કોબી ૧૪૦-૨૦૦
વટાણા ૬૮૦-૭૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૫૦૦-૮૦૦
બાદશાહ બટાકા ૪૦૦-૪૪૦
**સાંગા બટાકા ૨૪૦- ૨૬૦**
**દે.ગવાર ૬૦૦**
**ચોળી ૮૦૦-૧૦૦૦**

## ઓલમ્પિકમાં ક્રિકેટની એન્ટ્રી માટે ટી-૧૦ ફોર્મેટ આદર્શ : આફ્રીદી

ઈંગ્લેન્ડના ઈયોન મોર્ગન બાદ પાકિસ્તાનના શાહિદ અફરીદીએ પણ ઓલમ્પિકમાં ક્રિકેટની એન્ટ્રી માટે ટી-૧૦ ફોર્મેટને આદર્શ ગણાવ્યું છે. અફરીદીએ યૂએઈમાં રમાઈ રહેલી ટી-૧૦ લીગમાં પખ્તૂન્સની ટીમની આગેવાની કરી રહ્યો છે. તેની ટીમ ફાઇનલમાં પહોંચી ગઈ છે, જ્યાં તેનો સામનો નાર્દર્ન વારિયર્સ સામે થશે. ડેરેન સેમીની આગેવાનીમાં નોર્દર્ન વોરિયર્સ અને શાહિદ અફરીદીની પખ્તૂન્સ વચ્ચે કાંટાની ટક્કર થવાની આશા છે.

વિસ્ફોટક બેટ્સમેન અને ઓલરાઉન્ડર અફરીદીએ ક્રિકઈન્ફોને કહ્યું, ઓલમ્પિકમાં ક્રિકેટ સામલ કરવાની વાત થઈ રહી છે. મને લાગે છે કે, તે માટે ટી૧૦ આદર્શ ફોર્મેટ હોય શકે છે. જો આપણે ઓલમ્પિકમાં ક્રિકેટને સામેલ કરાવી શકીએ તો તેનાથી આ રમતનો વિશ્વભરમાં સારો પ્રચાર થઈ શકે છે. આ ફોર્મેટ રમતપ્રેમીઓને ક્રિકેટથી જોડવા માટે સારૂ માધ્યમ બની શકે છે.

આ પહેલા ઈંગ્લેન્ડના કેપ્ટન ઈયોન મોર્ગને પણ ટી૧૦ ફોર્મેટને ઓલમ્પિકમાં સામેલ કરવાની ભલામણ કરી હતી. તેમણે કહ્યું હતું કે, મને લાગે છે કે ટી૧૦ ફોર્મેટ ક્રિકેટનું એક એવું સ્વરૂપ છે, જે ઝડપથી દર્શકોને આકર્ષિત કરે છે. જ્યારે તમે ટી૨૦ ક્રિકેટની વાત કરો છો, તો તેનું ટાઈમિંગ થોડું વધારે છે. જેથી તમે ઓલમ્પિકમાં ક્રિકેટને સામેલ કરવાની વાત કરો છો તો, ટી૧૦ ક્રિકેટ તેના માટે સારૂ ફોર્મેટ છે.

## ઓપનિંગ જોડી ઓસ્ટ્રેલિયામાં સારું પ્રદર્શન કરે તે જરૂરી : તેંદુલકર

ભારત સામે ૬ ડિસેમ્બરથી શરૂ થતી ટેસ્ટ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયાની ટીમમાં સ્ટિવ સ્મિથ અને ડેવિડ વોર્નરની ગેરહાજરી હોવા છતાં મિચેલ સ્ટાર્ક અને પેટ કમિન્સ ઘરેલુ સ્થિતિનો લાભ ઉઠાવી ભારતીય બેટ્સમેનોને પરેશાન કરી શકે છે. ક્રિકેટના ભગવાન ગણાતાં ભારતના પૂર્વ ખેલાડી સચિન તેંડુલકરે ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ જીત માટે મંત્ર આપ્યો છે.સચિને કહ્યું કે, ઓસ્ટ્રેલિયામાં ઓપનિંગ જોડી સારું પ્રદર્શન કરે તે જરૂરી છે. જ્યારે તમે આવી જગ્યાએ રમવા જાવ ત્યારે ઓપનિંગ જોડી મહત્વની બની જાય છે. ક્યારેક ત્રીજા તો ઘણી વખત ચોથા નંબરના બેટ્સમેન જલદી મેદાન પર આવવું પડે છે. વિદેશમાં ટોચના ત્રણ બેટ્સમેનોની જવાબદારી શરૂઆતની ૩૦ ઓવરનો સામનો કરવાની હોય છે.૪૫ વર્ષીય માસ્ટર બ્લાસ્ટરે કહ્યું કે, તમે ક્યાં રમી રહ્યા છો તેના પર બધુ નિર્ભર હોય છે. મેં ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા કહ્યું હતું કે શરૂઆતની ૪૦ ઓવર મહત્વની હોય છે. કારણકે તે બાદ બોલ નરમ પડવા લાગે છે. બોલ સ્વિંગ થાય છે પરંતુ તમારી પાસે ક્રિઝ પર ઉભા રહેવાનો સમય હોય છે. જ્યારે બોલ નવો હોય ત્યારે તમારી પાસે ક્રીઝ પર ઉભા રહેવાનો ઓછો સમય રહે છે. તેણે એમ પણ કહ્યું કે, ઓસ્ટ્રેલિયામાં શરૂઆતની ૩૦-૩૫ ઓવર ખૂબ મહત્વની હોય છે. બોલ નવો હોવાના કારણે સ્વિંગ થાય છે. બાદમાં થોડો નરમ પડે છે અને ફાસ્ટ બોલરોને પિચથી ઓછી મદદ મળે છે.

## આઈસીસી ટેસ્ટ રેક્કિંગ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

છલાંગ લગાવીને તે ૧૦માં સ્થાને પહોંચી ગયો છે. બેન સ્ટોક્સ (૨૮માં), દેવેન્દ્ર બિશૂ (૩૨માં), આદિલ રાશિદ (૩૬માં), જૈક લીચ (૪૧માં), લક્ષણ સંદાકન (૪૫માં) અને માલિંદા પુષ્પકુમાર (૬૧માં)ના રેક્કિંગમાં સુધાર થયો છે.

ભારતીય બેટ્સમેનોમાં કોહલી સિવાય ચેતેશ્વર પૂજારા (છઠ્ઠા) ટોપ-૧૦માં સામેલ છે. ટોપ-૧૦ બેટ્સમેનોની યાદમાં માત્ર એક ફેરફાર થયો છે તથા દિનેશ ચંડીમલની જગ્યાએ ઉસ્માન ખ્વાજા ૧૦માં સ્થાને પહોંચ્યો છે. અંજિકય રહાણે બે સ્થાન નીચે આવીને ૧૯માં સ્થાન પર આવી ગયો છે જ્યારે લોકેશ રાહુલ બે સ્થાન ઉપર સંયુર્ક ૨૪માં સ્થાન પર પહોંચી ગયો છે.

## ગૌત્તમ ગંભીર

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

૨૦૧૧ના વર્લ્ડકપની ફાઈનલમાં ગૌત્તમ ગંભીરે ૯૭ રનની ઈનિંગ્સ રમી હતી અને વર્લ્ડકપ જીતવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી હતી. ટીમ ઈન્ડિયાએ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં શ્રીલંકાની સામે ફાઈનલ મેચમાં છ વિકેટે જીત મેળવી હતી. આની સાથે જ બીજી વખત ભારતીય ટીમ વર્લ્ડકપ જીતી ગઈ હતી. ગૌત્તમ ગંભીરે ટેસ્ટ મેચમાં ૪૧૫૪ અને વનડે ક્રિકેટમાં ૫૨૩૮ રન બનાવ્યા હતા. વનડે ક્રિકેટમાં તેનો સર્વશ્રેષ્ઠ જુમલો ૧૫૦ રનનો રહ્યો હતો. ગૌત્તમ ગંભીરના નેતૃત્વમાં કોલકાતા નાઈટ રાઈડર્સે બે વખતે આઈપીએલ ટ્રોફી જીતવામાં સફળતા મેળવી હતી. છેલ્લી સિઝનમાં તે દિલ્હી ડેરડેવિલ્સના કેપ્ટન તરીકે હતો પરંતુ અધવચ્ચે કેપ્ટન તરીકે રાજીનામુ આપ્યું હતું. ગૌત્તમ ગંભીર તમામ ફોર્મેટમાંથી નિવૃત્ત થઇ ગયો છે. ગૌત્તમ ગંભીર નિવૃત્ત થયા બાદ તેના ચાહકોએ પણ આને લઇને પ્રતિક્રિયા આપી છે. ગંભીર એક સ્ટાર ક્રિકેટર તરીકે હતો.

## ઑસ્ટ્રેલિયન ટીમે કોહલીનાં ધાક હેઠળ ન રમવું જોઈએઃ રિકી પૉન્ટિંગ

વિરાટ કોહલીને હચમચાવી શકાય છે અને ભારતના તે કેપ્ટનની ધાક હેઠળ રમવાને બદલે ઑસ્ટ્રેલિયાની ટીમે તેનો વહેલી તકે નિકાલ કરવાનું વિચારવું જોઈએ, એમ ભૂતપૂર્વ સુકાની રિકી પોન્ટિંગે કહ્યું હતું. ભારત અને આયોજક ઑસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટની શ્રેણીનો અહીં પહેલી મેચથી ગુરુવારે પ્રારંભ થનાર છે અને કોહલીને ન ઉશ્કેરવા માટે આયોજક રાષ્ટ્રના ભૂતપૂર્વ બેટ્સમેન ડીન જોન્સે કાંગારું ખેલાડીઓને સલાહ આપી છે.

"હું માનું છું કે કોહલીને હચમચાવી શકાય છે અને માઈકલ જહોનસને તેની ડરામણી બૉલિંગ વડે તેને અગાઉ થોડી વેળા હચમચાવ્યો હતો, એમ પોન્ટિંગે કહેતા ઉમેયુર્ં હતું કે ઑસ્ટ્રેલિયન ટીમે તેના ધાક હેઠળ ન રમવું જોઈએ. ભારત ચાર વર્ષ અગાઉ ઑસ્ટ્રેલિયા ખાતે પોતાના છેલ્લા પ્રવાસમાં ચાર ટેસ્ટભરી શ્રેણી ૦-૨થી હારી ગયું હતું, પણ કોહલીએ ત્યારે ચાર સદી ફટકારવા સાથે કુલ ૬૯૨ રન કરી ૮૬.૨૫ રનની બૅટિંગ સરેરાશ હાંસલ કરી હતી. પોન્ટિંગે કહ્યું હતું કે જેમ્સ એન્ડરસને કોહલીને ઘણી વેળા મૂંઝવણમાં મૂક્યો હતો.

## ભલે ટીમમાં નથી પણ વર્લ્ડકપ ૨૦૧૯ જરૂર રમીશ : રહાણે

હાલમાં ભારતીય ટીમ વનડે વર્લ્ડકપ-૨૦૧૯ માટે યોગ્ય સ્થાન પર યોગ્ય ખેલાડીઓને સ્થાન આપવા માટે અજમાવી રહી છે ત્યારે લાંબા સમયથી વનડે ટીમમાંથી બહાર રહેલા રહાણેએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. રહાણેએ કહ્યું કે, હું ભલે ટીમમાં નથી પણ વર્લ્ડકપ ૨૦૧૯ જરૂર રમીશ. રહાણેએ વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે આગામી વર્ષે ઇંગ્લેન્ડમાં રમાનારા વનડે વર્લ્ડકપમાં રમવા માટે આશ્વત છું, હું શોટ-'ર ફોર્મેટ માટે ટીમમાં વાપસીને લઇને પુરેપુરી રીતે તૈયાર છું. હું આગામી વર્લ્કકપ ૨૦૧૯ રમવા માટે આશ્વત છું અને એટલા માટે જ હું ડૉમેસ્ટિક ક્રિકેટ રમી રહ્યો છું, હું બાઉન્સ બેક જરૂર કરીશ.

તેને વધુમાં કે મારી ટેકનિકમાં કોઇ ખામી નથી, મને ૩૦-૪૦ રનની ઈનિંગને અડધી સદી કે સદીમાં ફેરવવા માટે કોશિશ કરવી પડશે. ઘણીવાર સારુ રમીએ છીએ પણ પરિણામ નથી મળતું.

## ભારતીય મહિલા ફૂટબોલ ટીમ ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક ક્વોલિફાયરના બીજા રાઉન્ડમાં પહોંચી

ભારતની મહિલા ફૂટબોલ ટીમે મંગળવારે ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક ક્વોલિફાયરના બીજા રાઉન્ડ સુધી પહોંચીને ઇતિહાસ રચ્યો છે. આ સ્પર્ધાના ઇતિહાસમાં પ્રથમ વખત ભારતીય ટીમ બીજા રાઉન્ડ સુધી પહોંચવામાં સફળ રહી છે. જોકે મંગળવારે રમાયેલી મેચમાં તેણે મ્યાનમાર સામે ૨-૧થી હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ ગૃપ સીમાં બીજા રાઉન્ડમાં પહોંચવા માટે ભારતીય ટીમ સફળ રહી હતી. ગૃપ સીમાં મ્યાનમાર ટોચના સ્થાને રહ્યું, જ્યારે ભારતીય ટીમ ત્રણ મેચમાં ચાર પોઈન્ટ સાથે બીજા સ્થાને રહી છે.

ઓલિમ્પિક ક્વોલિફાયર્સનો બીજો રાઉન્ડ આગામી વર્ષે એપ્રિલ ૨૦૧૯માં રમાશે. જ્યાં ૧૨ ટીમોને ચાર જુદા-જુદા ગૃપમાં વહેંચવામાં આવશે. દરેક ગૃપમાં ચાર ટીમો હશે. ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક ક્વોલિફાયર્સ રાઉન્ડ પહેલાની છેલ્લી મેચમાં મ્યાનમાર અને ભારત વચ્ચેની મુશ્કેલ ટક્કર જોવા મળી હતી. જોકે મ્યાનમારે પ્રથમ ત્રણ મિનિટમાં ભારત પર આગેવાની હાંસિલ કરી હતી.

## ૨૧મી વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યા ભારતના પંકજ અડવાણી

અડવાણી દુનિયાના એકમાત્ર એવા ખેલાડી છે જે વર્લ્ડ લેવલ પર બિલિયર્ડ્સ અને સ્નૂકર રમતા હોય

ભારતના દિગ્ગજ ક્યુ ખેલાડી પંકજ અડવાણીએ આઈબીએસએફ વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપમાં ચોથી વખત વિજય મેળવીને રેકોર્ડ બનાવી દીધો છે. અડવાણીએ ફાઈનલમાં બે વખત એશિયન સિલ્વર મેડાલિસ્ટ તથા વર્લ્ડ સ્તરે બ્રોન્ઝ મેડાલિસ્ટ બી.ભાસ્કરને ફર્સ્ટ ટૂ ૧૫૦૦ મુકાબલામાં પરાજય આપ્યો હતો.

અડવાણીએ ૧૯૦ના બ્રેક સાથે શરૂઆત કર્યા બાદ ૧૭૩ અને ૧૯૮નો બ્રેક બનાવીને ભાસ્કર પર હાવી થઈ ગયા હતા.અડવાણી જ્યારે ૧૦૦૦ અંક સુધી પહોંચ્યા ત્યારે ભાસ્કર ફક્ત ૨૦૬ અંક સુધી જ પહોંચી શક્યા હતા. અડવાણી દુનિયાના એકમાત્ર એવા ખેલાડી છે જે વર્લ્ડ લેવલ પર બિલિયર્ડ્સ અને સ્નૂકર રમતા હોય. બિલિયર્ડ્સ અને સ્નૂકરમાં આડવાણી સતત વિજેતા બની રહ્યા છે. અડવાણી આ વર્ષે જ ત્રણ વખત વર્લ્ડ ટાઈટલ જીતી ચુક્યા છે.ઉલ્લેખનીય છે કે, ભારતના મહાન ક્યુ ખેલાડી પંકજ અડવાણી ૨૧મી વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યા છે. પંકજ અડવાણી રમતના આ લાંબા ફોર્મેટમાં ટાઈમ વર્ઝનમાં હંમેશા ટાઈટલ જીતતો આવ્યો છે પરંતુ તાજેતરના વર્ષોમાં તેણે ટૂંકા ફોર્મેટમાં પણ દમદાર પ્રદર્શન કર્યું છે.પોતાના પ્રદર્શન અંગે પૂછતા પંકજે કહ્યું છે કે બિલિયર્ડ્સમાં ચોથી વખત ગ્રાન્ડ ડબલની સિદ્ધિ મેળવીને હું સાતમાં આસમાને છું. ભાસ્કર, કોસિયર અને રસેલ જેવા દિગ્ગજ ખેલાડીઓ સાથે રમવું હંમેશા પડકારજનક રહ્યું છે. હું ૨૧ વર્લ્ડ ચેમ્પિયનશિપ ગોલ્ડ જીતીને ઘણો રોમાંચિત છું

Website : www.rakhewaldaliy.com E-mail : rakhewal@gmail.com

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

રખેવાળ

ગુરૂવાર ૦૬ ડીસેમ્બર ૨૦૧૮

# રાધનપુરમાં નગરપાલિકા પાસે જ ગંદકીનું સામ્રાજ્ય


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં પાલિકા દ્વારા આખા શહેરમાં ગંદકી હટાવવાનું અભિયાન ચાલી રહ્યું છે ત્યારે પાલિકા કચેરી ની બાજુમાં જ મુતરડી ના હોવાથી આજુબાજુના વેપારીઓ અને રાહદારીઓ ખાંચામાં પેશાબ કરતા હોવાથી ચારેબાજુ દુર્ગંધ ફેલાતા આજુબાજુના વેપારીઓ અને લોકો હાલાકી ભોગવી રહ્યા છે.આખો દિવસ અસંખ્ય માણસો આ ખાંચામાં પેશાબ કરતા હોવાથી બપોર બાદ ગંદકીના રેલા છેક જાહેર માર્ગ ઉપર આવે છે,જેના કારણે રાહદારી અને વેપારીઓને ક્યાં ચાલવું તેનો સવાલ થઇ પડે છે.પાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે મુતરડી બનાવવી જોઈએ તેવો લોકોનો સુર છે.

# શંખેશ્વરના યુવાન સામાજીક કાર્યકર્તા કૌશલ જોષીનું સન્માન કરાયું


યશપાલસિંહ ટી.વાઘેલા

શંખેશ્વર

શંખેશ્વરની પાવન ધરા પર દાદા ગુરુદેવ પ.પૂ.આચાર્યદિવેશ શ્રીમદ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના આચાર્યપદ અને ક્રિયોદ્ધાર સાર્ધશતાબ્દી નિમિત્તે પાર્શ્વ રાજલોક પરિવાર દ્વારા શ્રી ગુરુ રાજેન્દ્ર એવોર્ડથી શંખેશ્વરની વિશિષ્ટ પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવ્યા.

પ.પૂ.મુનિરાજ લલિતેશ વિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં કુમાર શાળા શંખેશ્વર ખાતે પર્યાવરણ મારો પરમાત્મા સંકલ્પ લઈને ચાલતા વઢીયારની ધરાના ગૌરવશાળી યુવાન,સામાજિક સેવા ક્ષેત્રે ઉત્સાહી યુવાન કૌશલ જોષી ને શ્રી ગુરુ રાજેન્દ્ર એવોર્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા. પ.પૂ.મુનિરાજ લલિતેશ વિજયજી મ.સા.એ સન્માનિત પ્રતિભાની કામગીરીને બિરદાવી આશિર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમમાં શંખેશ્વર મામલતદાર કે.જી.ગઢવી , કેળવણીકાર નવીનભાઈ ભોજક, પી.સી.પ્રજાપતિ વિદ્યાલયના આચાર્ય અશોકભાઈ દવે, ઉ.બુ. વિદ્યાલયના આચાર્ય ભૂપેશભાઈ રાવલ તથા કન્યાશાળાના આચાર્ય ગણેશભાઈ ડોડિયા સહિત ગ્રામજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો.

પ્રેસ સાથે વાતચીતમાં કૌશલભાઈએ જણાવ્યુ હતુ કે ઉત્તર બુનીયાદી વિદ્યાલયના શિક્ષણથી તેમને વૃક્ષો વાવવાની પ્રેરણા મળેલ અને ધોરણ-૮થી તેમને વૃક્ષારોપણનુ કાર્ય શરૂ કરેલ અને અત્યાર સુધી ૫૦૦૦ થી વધારે ચકલીના માળા ૩૦૦૦ થી વધારે પાણીના કુંડાનું વિતરણ પણ આ વિસ્તારમા કર્યુ છે એવોર્ડના સાચા હકદાર પોતાના માતા-પિતા છે જેમણે સંસ્કારનુ સિંચન કરી આ કાર્ય કરવાની પ્રેરણા આપેલ છે અને આગળ પણ સમાજસેવાના કાર્યો કરતો રહીશ એવુ જણાવ્યુ હતુ.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | મગફળી | ૬૮૦-૭૯૧ |
| એરંડા | ૧૦૬૮-૧૦૮૦ | કપાસ | ૧૦૦૧-૧૦૭૦ |
| રાયડો | ૭૨૫-૭૩૦ | | સિધ્ધપુર |
| મગફળી | ૬૫૦-૮૫૧ | રાયડો | ૭૦૭-૭૩૦ |
| ઘઉં | ૩૮૬-૪૩૦ | એરંડા | ૧૦૦૪-૧૧૦૫ |
| બાજરી | ૩૨૦-૩૪૪ | અડદ | ૭૫૦-૧૦૪૦ |
| જુવાર | ૭૮૮-૮૧૪ | ગવાર | ૭૭૧-૮૪૩ |
| રાજગરો | ૧૧૭૫-૧૧૯૧ | ઘઉં | ૩૮૫-૪૫૬ |
| ર.બાજરી | ૩૯૮-૪૦૫ | બાજરી | ૨૮૦-૩૭૩ |
| ગવાર | ૮૦૦-૮૩૫ | જુવાર | ૬૫૦-૮૫૮ |
| કપાસ | ૧૦૦૧-૧૦૫૩ | કપાસ | ૧૦૦૮-૧૧૨૦ |
| | વાવ | | પાટણ |
| જીરૂ | ૩૦૬૫-૩૪૮૦ | જીરૂ | ૨૯૦૦-૩૭૦૦ |
| એરંડા | ૧૦૭૧-૧૦૭૬ | વરી. | ૧૩૨૫ |
| ગવાર | ૮૧૧-૮૨૨ | મેથી | ૬૫૦-૬૭૬ |
| બાજરી | ૩૫૨-૩૬૦ | સુવા | ૭૦૦-૧૨૨૪ |
| તલ | ૧૬૫૦-૨૦૦૧ | રાયડો | ૭૦૦-૭૪૪ |
| ઈસ. | ૧૬૩૧-૧૬૫૦ | એરંડા | ૧૦૬૦-૧૧૦૦ |
| | થરા | તલ | ૨૦૦૦-૨૩૦૦ |
| જીરૂ | ૩૨૫૦-૩૫૫૦ | મગફળી | ૭૦૦-૭૪૦ |
| એરંડા | ૧૦૬૧-૧૦૮૮ | ઘઉં | ૪૦૦-૪૫૧ |
| ગવાર | ૮૧૦-૮૩૫ | બાજરી | ૩૨૧-૩૫૨ |
| ઘઉં | ૩૯૫-૪૭૫ | બંટી | ૩૬૫-૩૯૧ |
| બાજરી | ૩૪૦-૩૬૦ | અડદ | ૮૦૦-૧૦૩૫ |
| અડદ | ૯૦૦-૧૦૦૦ | જુવાર | ૪૮૦-૮૫૬ |
| | ભીલડી | રજકા બાજરી ૪૦૦-૪૦૯ | |
| એરંડા | ૧૦૬૧-૧૦૮૧ | ગવાર | ૮૦૦-૮૫૩ |
| રાયડો | ૭૧૧ | કપાસ | ૧૦૦૦-૧૧૩૦ |
| બાજરી | ૩૩૪-૩૪૨ | | રાહ |
| ઘઉં | ૩૮૫-૩૯૬ | રાયડો-૭૪૦/૭૫૧ | |
| ગવાર | ૮૦૦-૮૧૯ | એરંડા-૧૦૫૫/૧૦૬૦ | |
| તલ | ૨૨૩૦-૨૩૩૬ | બાજરી-૩૧૫/૩૩૦ | |
| અડદ | ૮૫૫-૯૫૨ | રજકાબાજરી-૩૮૫/૪૦૦ | |

# રાધનપુર-મહેસાણા ફોરલાઇનની કામગીરી સ્થગિત

રાધનપુર

રાધનપુર-મહેસાણા ફોરલાઇન રોડની કામગીરી સરકાર દવારા મોટા પાયે હાથ ધરવામાં આવી હતી,પરંતુ અનન્ય કારણોસર આ ફોરલાઇનની કામગીરી સ્થાગિત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે,જેના કારણે સરહદી વિસ્તારના લોકોમાં નિરાશા વ્યાપી જવા પામી છે.રોજેરોજ હજારો વાહનો ચાલે છે,અને ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ટ્રાફિક ધરાવતો અને પાકિસ્તાનની સરહદને જોડતો માર્ગ હોવા છતાંય ફોરલાઇનની કામગીરી સ્થગિત કરી દીધી છે.

પાટણ-બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના ૧૫થી વધુ તાલુકાઓને આવરી લેતો રાધનપુર-મહેસાણા હાઈવે ટૂંક જ સમયમાં ફોરલાઇન બનાવવામાં આવશે તેવી જોરશોરથી જાહેરાતો બાદ ફોરલાઇનની કામગીરી માટે આ રોડનું સર્વે પણ હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ ગમે તે કારણોસર એકાએક આ ૯૩ કિલોમીટરના રોડને ફોરલાઇન બનાવવાનું સ્થગિત કરી દેવામાં આવ્યું છે. રાધનપુર-મહેસાણા રોડ માત્ર રાધનપુર અને મહેસાણાના લોકો માટે જ ઉપયોગી નથી,પરંતુ આખો કચ્છ જિલ્લો, બનાસકાંઠાના સુઈગામ, ભાભર, થરા, દિયોદર, વાવ, થરાદ તેમજ પાટણ જિલ્લાના રાધનપુર-સાંતલપુર-સમી-હારીજ-પાટણ-ચાણસ્મા સહીત કુલ ૧૫ થી વધુ તાલુકાના લોકો આ માર્ગનો ઉપયોગ કરે છે. જો કે સમુદ્ર માર્ગે કચ્છના પોર્ટ ઉપર આવતો માલસામાન પણ આ જ માર્ગ ઉપરથી પસાર થાય છે. રોજના હજારો નાના-મોટા વાહનો આ માર્ગ ઉપરથી પસાર થાય છે. આ ઉપરાંત પાકિસ્તાન સરહદને અડીને આવેલો માર્ગ હોવાથી મહિને-દાડે લશ્કરના પણ હજારો વાંહનો આ માર્ગ ઉપરથી પસાર થાય છે. તેમ છતાંય આ માર્ગને ફોર લાઈન બનાવવાનું સ્થગિત કરી દેવામાં આવ્યું છે.જો ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળે તો આ માર્ગ ખુબ જ ઉપયોગી નીવડી શકે તેમ છે.માટે તાત્કાલિક આ માર્ગને ફોરલાઇન બનાવવા માંગ ઉઠી છે.

## છેલ્લા દસ વર્ષથી આ રોડ નવો નથી બન્યો

આ રોડ ઉપરથી રોજના હજારો વાહનો પસાર થતા હોવા છતાંય છેલ્લા દસ વર્ષથી આ માર્ગ ઉબડ-ખાબડ અને બિસમાર હાલતમાં પડ્યો છે.કોઈ બીમાર કે સિરિયસ દર્દીને આ રોડ ઉપર વાહન દવારા લઈ જવામાં આવે તો રસ્તામાં જ મૃત્યુમાં ધકેલ જાય તેવી આ રોડની પરિસ્થિતિ છે.છેલ્લા દસ વર્ષથી આ રોડને નવો બનાવવામાં આવ્યો નથી,માત્ર ને માત્ર થીગડાં મારીને જ ચલાવ્યું છે.એવું પણ જાણવા મળ્યું છે કે ફોરલાઈન બનાવવાનું સ્થગિત કરીને વર્લ્ડ બેન્કના માધ્યમથી માત્ર રિસર્ફેસ જ કરવામાં આવનાર છે.

## આ માર્ગ ફોરલાઈન થવો જ જોઈએ

સામાજિક કાર્યકર સુધીરભાઈ ઠક્કરના જણાવ્યા મુજબ પાકિસ્તાનની સરહદ સાથે જોડાયેલો માર્ગ હોવાથી આ માર્ગને યુદ્ધના ધોરણે ફોરલાઈન બનાવવો જોઈએ,ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળે તો આ રોડ દેશના માટે જીવાદોરી સમાન બની જશે.સાંતલપુર તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન જાહીદખાન મલિકના જણાવ્યા મુજબ ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ટ્રાફિક ધરાવતો અને અંતરરાષ્ટ્રીય માલવહન માટે ખુબ જ ઉપયોગી માર્ગ છે.

# વિજાપુરનું તલાટી મંડળ ૧૦૦ કુપોષિત બાળકોને દત્તક લેશે

વિજાપુર

ગુજરાત ના ગામડાઓમાં હાલ કુપોષણનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે તેને ડામવા મહેસાણાના વિજાપુર તાલુકાનું તલાટી મંડળ દ્વારા પ્રેરણાદાયી પહેલ કરી છે. વિજાપુર તાલુકાના ૧૦૦ જેટલા કુપોષણથી પીડાતા બાળકોને દત્તક લઈ સમાજને ઉત્તમ ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.



ગુજરાતના ગામડાઓના બાળકો હાલ કુપોષણની બીમારી હાલ પરેશાન છે ત્યારે આ બાળકોમાં રહેલ કુપોષણની ખામીને દૂર કરવા માટે સરકારે કમર કસી છે પરંતુ સરકાર સાથે સાથે મહેસાણા જીલ્લાના વિજાપુર તલાટી મંડળ દ્વારા પણ આ કામમાં પોતાનું યોગદાન આપતા આવતા ૩ મહિનામાં વિજાપુર તાલુકા ૧૦૦ બાળકોને કુપોષણ મુક્ત કરવાનો સંકલ્પ લીધો છે.

વીજાપુરના સામાન્ય લાગતા બાળકો કુપોષણની બીમારીથી પીડાય છે, બાળકો માટે અત્યાર સુધી સરકાર તો પોતાની રીતે સહાય કરતી હતી પરંતુ આ બાળકોનો સહારો બન્યું છે મહેસાણાના વિજાપુર તાલુકાનું તલાટી મંડળ આ મંડળ દ્વારા ૧૦૦ બાળકો દત્તક લઈને તેમનામાં રહેલી કુપોષણની બીમારી આવતા ત્રણ મહિનામાં દૂર કરશે.

વિજાપુર તાલુકાની વાત કરવામાં આવે તો આ તાલુકામાં આમ તો કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા ૨૦૦ કરતા વધારે છે. પણ ૧૦૦ બાળક એવા છે કે જે અતિ ગંભીર કુપોષણથી પીડાય છે. આ બાળકોની વાત કરવામાં આવે તો પિલવાઈ ગામમાં ૫, ખંણુસા ૧, ખરોડ ગામમાં ૪, બીલયા ગામમાં ૧, જુના ફુદેડા ગામમાં ૫, રણસીપુર ગામમાં૧ અને કોટડી ગામમાં ૨, રણાસન ગામમાં ૧, બામણવા ગામમાં ૧, કોટ ગામમાં ૪, છાપરા પરું ગામમાં ૧, તો લાડોલ ગામમાં ૧૧ બાળકો, કુકરવાડા ૪ તો પામોલ ગામમાં ૫, તો વસાઈ ગામમાં ૬ અને સોખડા ગામમાં ૧ બાળક અતિ ગંભીર કહી શકાય તેવા કુપોષણનો શિકાર છે.

# પાટણમાં ચતુર્ભુજ બગીચા પાછળ દારૂડીયા તત્વોથી વેપારીઓ પરેશાન

પાટણ

પાટણમાં ચતુર્ભુજ બગીચા પાસે આવેલા અમૃતકાકા કોમ્પલેક્સની બાજુમાં ખંડેર જેવા વિસ્તારમાં રોજ સાંજે દારૂડીયા તત્વોનો અડ્ડો જામે છે. આ વિસ્તારમાં વેપારીઓની દુકાનો અને રહેણાંક વિસ્તાર પણ આવેલો છે. તેમજ એક મસાલા ફેક્ટરી પણ આવેલી છે. અગાઉ જુગારધામ ચાલતું હતું. પરંતુ તે હવે બંધ થઈ જતાં દારૂડીયા તત્વો બેફામ બન્યા છે. રસ્તે જતાં અપશબ્દો કરતાં હોય છે. કેટલાક અસામાજીક તત્વો બગીચામાં બેસીને તેમના ગોરખધંધા ચલાવે છે. બગીચા આગળ બે ત્રણ મહિલા પોલીસ ફરજ પર મુકવામાં આવી હોવા છતાં દારૂડીયા તત્વો વિરૂદ્ધ કોઈ પણ જાતની કાર્યવાહી થતી નથી. રોજ સાંજે કેટલાક લારી-ગલ્લા બગીચાની પાછળ મુકવામાં આવતાં વાહન ચાલકોને અહીંથી આવજા કરવામાં ભારે મુશ્કેલી રહે છે. ત્યારે દારૂડીયા તત્વો સાથે કાયદેસરની કાર્યવાહી કરવા વેપારીઓની માંગ ઉઠી છે.

બગીચા પાછળથી રાત્રે કોઈ બહેન દિકરી નિકળી શકતી નથી. સ્ટ્રીટ લાઈટો ક્યારેક બંધ હોય છે. ત્યારે કોઈ અજુગતો બનાવ ન બને તે માટે રાત્રે પોલીસ પેટ્રોલીંગ ચાલુ રહે તે જરૂરી છે.

# ગોચનાદ પ્રાથમિક શાળામાં ભુલકાઓને તિથિભોજન અપાયું

પ્રતિનિધિ રાધનપુર

ગોચનાદ પ્રાથમિક શાળામાં સંતશ્રી જમનાદાસ બાપુ દવારા શાળાના ૩૫૦ ૩૫૦ ભુલકાઓને અને શાળા પરિવારને તિથિભોજન આપવામાં આવ્યું હતું, જે બદલ શાળાના આચાર્ય બિપીનભાઈ કંસારા અને શાળા પરિવાર દવારા સંતશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંતશ્રી દયારામ બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


કમલ ચક્રવર્તી

# છેલ્લા ત્રણ વર્ષથી ઢોરચોરીના ગુન્હામાં નાસતા ફરતા આરોપી ઝડપાયો



સતીશ ભટ્ટ

હિંમતનગર

આજથી ત્રણ વર્ષ પહેલાં ઈડર પોલીસ સ્ટેશનના કામે નાસતા ફરતા આરોપી તાલીમ રમજાન મુલતાની રહે. ચૌદટ-ેકરી મોડાસા તા. મોડાસા જી. અરવલ્લીનો જે ગુન્હો કર્યા બાદ નાસતો ફરતો હોઈ અને નાસતા ફરતા આરોપીને શોધી કાઢવા ચાલતી જુબેશ અન્વયે પોલીસ અધિક્ષક સાબરકાંઠા નાઓએ એલ.સી.બી ના પોલીસ ઈન્સપેક્ટર વી.આર. ચાવડા નાઓને સુચના કરતા પો.ઈન્સ નાઓએ વધારેમાં વધારે નાસતા ફરતા આરોપી પકડી પાડવા એલ.સી.બી. સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી આવા નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સુચના કરેલ. જે અનુસંધાને ખાનગી બાતમીદારોની મદદ મેળવી આવા આરોપીને પકડવા પ્રયન્તશીલ થતાં પો.સ.ઈ જે.એમ.પરમાર એલ.સી.બી. હિંમતનગર તથા તેમની ટીમના માણસો અહેકો રાકેશકુમાર, અહેકો મો.સલીમ ઈકબાલહુસેન, પોકો મહેન્દ્રકુમાર, ડ્રા.પો.કો. ચંન્દ્રસિંહ નાઓને હકીકત મળેલ કે ઉપરોક્ત ગુન્હામાં નાસતો ફરતો આરોપી તાલીમ રમજાન મુલતાની રહે. ચૌદટ-ેકરી મોડાસા વાળો માળીના છાપરીયા હિંમતનગર આવેલ હોવાની બાતમી આધારે હિંમતનગર માળીના છાપરીયા ખાતેથી તેને ઝડપી લીધો હતો. જે આરોપીને આગળની કાર્યવાહી માટે ઈડર મોકલી આપવા તજવીજ કરેલ છે.

# હારીજ તાલુકામાં ૪૫૦૦ હેક્ટરથી વધું ઘઉંનું વાવેતર થવાની વકી

**ઘઉંની વાવણી પુરજોશમાં ચાલુ ૪ હજાર હેક્ટરમા વાવેતર થઈ ગયા**

પ્રતિનિધિ હારીજ

ચોમાસામાં વરસાદ નહિવત પડતાં હારીજ સમી તાલુકામા ખરીફ પાક નિષ્ફળ ગયા હતાં.જેમા ખેડૂતોનો મુખ્ય ખોરાકમાં વપરાતી બાજરી ચાલુ વર્ષે નિષ્ફળ નીવડી હતી.જેના કારણે ખાદ્યપાકમા રવિ સીઝનમાં ઉત્પાદન આપતો ઘઉં વાવેતરમાં ખેડુતો જોડાયા છે.

નર્મદા કેનાલોના પાણીપીયતના સથવારે ધરતીપુત્રો ઘઉના વાવેતરમાં જોતરાયા છે. ખેડૂતો ચોમાસામાં વરસાદ સારો હોય તો અવશ્ય બાજરી વાવેતર કરીને વર્ષ દરમ્યાન અનાજ પોતાના ખેતી પ્લોટ્નું થાય તેવી આગ્રહ રાખતાં હોય છે પણ ગતચોમાસામા વરસાદ પુરતો નહીં પડતા બાજરી.કઠોળ જેવા ખરીફ પાક નિષ્ફળ ગયા હતાં.જેના કારણે પોતાના મુખ્ય ખોરાકનું અનાજ વેચાણ લાવી વાપરવું પડે તેવી સ્થિતી સર્જાઈ હતી.પણ રાવિપાકમા થતા ઘઉ વાવણી કરવામાં ખેડુતો હરખભેર જોડાયા છે.વિસ્તરણ અધિકારી ગેમરભાઈના જણાવ્યા મુજબ તાલુકામાં છેલ્લાં દસ દિવસમાં ઘઉંનું ૪ હજાર હેક્ટર વાવેતર થઈ ગયું છે. જ્યારે હજુ દસ દિવસમાં પાંચ થી સાત હજાર વાવેતર થવાની સંભાવના રહેલી છે .ગયા વર્ષે ૪૩૦૦ હેક્ટરમા ઘઉંનું વાવેતર થયુ હતુ જે ચાલુ વર્ષે ૪૫ થી ૪૭ હજાર ઘઉ વાવણી થવાની ભીતિ છે.જે ગત વર્ષ કરતા ૩ થી ૪ હજાર હેક્ટર વધું વાવેતર થશે.

હારીજ તાલુકાના કુંભાણા ગામના ચૌધરી હમીરભાઇ જીવરાજભાઈ ના જણાવ્યા મુજબ ચોમાસુ પાક નિષ્ફળ જતા નર્મદાના પાણી મળતા રવિ પાક ઘઉંનું વાવેતર કરીએ છીયે. જેના કારણેવર્ષ દરમિયાન અનાજ પણ મળી રહે અને ઢોરઢાંખર માટે ઘાસચારો સુંચેલ પણ તેમાંથી મળે છે.

# સમીના વાઘપુરા ગામના ખેડૂતોએ સિંચાઇ માટે નિવાસી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

પાટણ

સમી તાલુકાના વાઘપુરા ગામના ખેડૂતોને સિંચાઈ માટે પિયતનું પાણી ન મળતાં ગત સોમવારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અધિક નિવાસી કલેક્ટરને આવેદનપત્ર આપી સત્વરે પિયતનું પાણી આપવા માંગ કરી હતી. જો કે સમયસર પાણી આવપામાં નહિં આવે તો આગામી દિવસોમાં જલદ કાર્યક્રમ કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

પાટણ જિલ્લાના સમી તાલુકાના વાઘપુરા નજીકથી પસાર થતી માયનોર ઉપલીયાસરા ડિસ્ટ્રીબ્યુટર કેનાલ વર્ષ ૨૦૧૪માં બનાવવામાં આવી હતી. પરંતુ આજદિન સુધી આ કેનાલમાં વાઘપુરાના ખેડૂતો માટે પાણી છોડવામાં આવ્યું નથી. જે બાબતે ગામના ખેડૂતોએ તંત્રમાં અનેકવાર રજૂઆત કરવા છતાં ખેડૂતોના હિતમાં કોઈ પગલાં ભરાયા નથી. તાજેતરમાં સરકારે નર્મદાની સુજલામ સુફલામ કેનાલોમાં સિંચાઈનું પાણી છોડવાની જાહેરાત કરતા આ વિસ્તારના ખેડૂતોએ ૧૦૦ હેક્ટર જમીનનું ખેડાણ કરી ખાતર અને જીરૂ પોંખીને ક્યારા વાળી જમીન તૈયાર કરી મોટું ખર્ચ કર્યું હતું. તેમ છતાં પાણી છોડવામાં ન આવતાં ખેડૂતો પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે. ત્યારે ગત સોમવારે ખેડૂતોએ આ બાબતે અધિક કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે.

# રાજ્ય કક્ષાએ સ્વિમિંગની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર પ્રોફેસરને ગોલ્ડ મેડલ એનાયત કરાયો

પ્રતિનિધિ મોડાસા

અમદાવાદ સોલા ભાગવત ખાતે ઉમિયા કેમ્પસની કોલેજમાં સોસિયોલોજીના પ્રોફેસર અને હિંમતનગરની ગ્રોમોર ફાઉન્ડેશનની સ્કૂલમાં સતત ૮ વર્ષ સુધી શિક્ષણ કાર્ય કરનાર પૂર્વ શિક્ષક ડૉ.દિનેશ જે.કણઝરીયાએ કક્ષા ખેલ મહાકુંભ-૨૦૧૮માં ભાગ લઈને રાજ્ય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં ૧૦૦ અને ૫૦ મીટર એમ બન્ને સ્પર્ધામાં ફ્રિ સ્ટાઇલમાં ભાગ લઈને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

જેને સ્વિમિંગ કોચ કમલેશ નાણાવટીના વરદ હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. ડૉ.કણઝરીયા હવે રાષ્ટ્રીય કક્ષાની સ્વિમિંગની સ્પર્ધામાં ભાગ લેવા જશે. તેમની આ જ્વલંત સિદ્ધિને બિરદાવીને ગ્રોમોર કોલેજ કેમ્પસ અને સંસ્થાના બી.એલ.પટેલે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.


સંજય શર્મા

# પાટણના જગદીશ મંદિરે એકાદશીએ લઘુ વિષ્ણુયાગ

પાટણ

સોમવારે પિતૃપક્ષ અને અગિયારસના પવિત્ર દિવસે શહેરના જગદીશ ભગવાનના મંદિર પરિસર ખાતે લઘુ વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજમાન પદનો લાભ રાજકોટ નિવાસી બીનાબેન નરેન્દ્રભાઈ ગાંધીના સુપુત્ર વિકીભાઈએ લીધો હતો. યજ્ઞની શાસ્ત્રોક્ત વિધિ જગદીશ મંદિરના પૂજારી કનુભાઈ સુકલ, ચિરાગભાઈ સામવેદી, દીપકભાઈ પુરાણી દ્વારા કરવામાં આવી હતી.